# બુદ્ધિપ્રભા.

## ( The Light of Reason )

ब्रह्मानन्दविधानके पटुतरं शान्तिप्रद्योतकम् ।
सत्यासत्यविवेकदं भवभयभ्रान्तिव्यवच्छेदकम् ॥
मिथ्यामार्गनिवर्तकं विजयतां स्याद्वादधर्मप्रदम् ।
लोके सूर्यसमप्रकाशकमिदं 'बुद्धिप्रभा' मासिकम् ॥

વર્ષ ૬ ઠું.] તા. ૧૫ સપટેમ્બર સને ૧૯૧૪. [અંક ૬ ઠ્ઠો.


## पडया पर मार ना पाडु.

કવ્વાલિ.

બનીને ક્રોધથી રાતો, બની કાયર વગર સત્વે;
ધરીને વૈર હૈયામાં, પડ્યા પર માર ના પાડુ. ૧
નથી એ શૂરની શોભા, નથી એ ભક્તની શોભા;
નથી એ જ્ઞાનિની શોભા, પડ્યા પર માર ના પાડુ. ૨
પરાક્રમ એ નથી સાચું, નથી એ બુદ્ધિની શોભા;
ધરી સૌજન્ય મનમાંહિ, પડ્યા પર માર ના પાડુ. ૩
અહો એ નીચમાં નીચો, હણેલાને જતો હણવા;
ધરી ઔદાર્ય અન્તરમાં, પડ્યા પર માર ના પાડુ. ૪
ભલી છે સન્તની શોભા, પડ્યાને જે ચઢાવે છે;
ભણીને પાઠ સજ્જનનો, પડ્યા પર માર ના પાડુ. ૫
પ્રભુ મહાવીરના પગલે, ત્હને જાવા થતી ઇચ્છા;
ખરી રીતે ચઢિ ત્યારે, પડ્યા પર માર ના પાડુ. ૬
પ્રભુ મહાવીરની વાણી, ત્હને જો ચિત્તમાં ગમતી;
ત્યજી મિથ્યાત્વની કહેણી, પડ્યા પર માર ના પાડુ. ૭
ક્ષમા છે વીરનું લ્હાણું, દયામય સન્તનું હૈયું;
અહો એવી દશા વરવા, પડ્યા પર માર ના પાડુ. ૮
ભણ્યું ત્હારૂં ગણ્યું ત્હારૂં, કરૂણા દૃષ્ટિથી લેખે;
બુદ્ધ્યબ્ધિ સત્ય શિક્ષાને, રૂચે તો માન અન્તરમાં. ૯

# अमारी नोंध.

**જીવદયા.**

શ્રી મુંબાઈ જીવદયા જ્ઞાન પ્રસારક ફંડ તરફથી હિંદુઓના ધાર્મિક તહેવારો તેમજ જૈનોના પર્યુષણ પર્વના પ્રસંગે "દયાળુ ગૃહસ્થોને એક નિઃસ્વાર્થ વિનંતી." એ નામે ટુંકમાં ફંડ તરફથી થતા કામો અને મળતા જતા લાભો જણાવી 'ખરી જીવદયા' કરવાના આ ફંડના મૂળ હેતુને લઇ તેને દ્રવ્યની સહાય કરવા એક અપીલ બહાર પડી છે. કોઇ સ્થળે મુનિસજ્જેના તત્ સંબંધી યોગ્ય વિવેચનને લઇ સારી સારી રકમ એકઠી થઈ અને મોકલાઈ છે એમ ખબર મળી છે, પણ અમોએ અગાઉના અંકમાં ફંડના રીપોર્ટની નોંધ લેતાં તેના ઉત્તમ કાર્ય વિષે અને પર્યુષણાદિ શુભ પ્રસંગે તે ફંડ તરફ મદદ મોકલી આપવાને જણાવ્યું હતું તેનો સત્કાર કેટલા પ્રમાણમાં થયો છે તે હવે પછી વ્યવસ્થાપક તરફથી ખબર મળે જણાવીશું; તોપણ જીવદયાના નામે એકઠી કરાયેલ રકમનો થોડો થોડો ભાગ આ ફંડને મળ્યો હશે એમ તે ફંડના ઉત્તમ કાર્યથી સમાજ જાણીતી થતી જાય છે એ ઉપરથી કહી શકીએ છીએ. જેઓએ તેમ ન કર્યું હોય અને જીવદયા નિમિત્તે પર્યુષણમાં જે દ્રવ્ય એકઠું કર્યું હોય તે-અથવા વાપરતાં વધ્યું હોય તે-મજકુર ફંડના વ્યવસ્થાપક જોગ મોકલી આપી પોતાના ગામ તરફનો થોડો પણ હીસ્સો જરૂર આપશે એમ એક વખત ફરીથી સુચના કરવાની અગત્ય છે. મજકુર અપીલ-વિનંતીપત્ર-જોડે નામદાર મહારાજા ગાયકવાડ સરકારે વ્યવસ્થાપક ઉપર પત્ર લખી ફંડના કાર્યની ઉચ્ચ કદર કરી છે તે તથા 'બોમ્બે ગાર્ડીયન' પત્રે અને સાંજવર્તમાન પત્રે હાલમાં જે ઉત્તમ નોંધ પ્રકટ કરી છે તેની નકલ વાચકની જાણ માટે પ્રકટ કરી બહાર પાડવામાં આવી છે. છાપાવાળાઓ જેના માલીક પારસી છે તેઓ મદદ તરીકે રૂ. ૫૦) ફંડને મોકલી આપે અને વળી વખતો વખત તે કાર્યનાં વખાણ કરે તેમજ 'ગાર્ડીયન' પત્ર જે વગવાળું ખ્રીસ્તી પત્ર છે તે પણ ફંડની કાર્ય પદ્ધતિનાં પોતાના વર્તમાનપત્રમાં વખાણ કરે એ-મજકુર ફંડ અને તેના નિઃસ્વાર્થી, અને ઉત્સાહી વ્યવસ્થાપકોને થોડું મગરૂર બનાવનાર કહી શકાય નહિ. અમો આ ફંડની ઉત્તરોત્તર વધુ ફતેહ ઇચ્છીએ છીએ-" દયા સમાન કોઇ ધર્મ નથી."

**મનુષ્ય દયા.**

આ રીતે અમો વખતો વખત મનુષ્ય દયા માટે-ધાર્મિક બંધુઓની ઉન્નતિ અર્થે મદદનો હાથ લંબાવવાની અગત્યતા વિષે અમારૂં હૃદય પ્રકાશતા રહીએ છીએ તોપણ આ પ્રસંગે ફરીથી હૃદય પ્રેરણા કરે છે કે, સાત ક્ષેત્રો પૈકી **જો શ્રાવકક્ષેત્ર** નિર્બળ હાલતમાં હશે તો બાકીનાં છએ ક્ષેત્રો **યથાસ્થિત** કાર્યસાધક રહી શકશે નહિ, માટે તે તરફનું દુર્લક્ષ ત્યાગવા પ્રથમ જરૂર છે. પર્યુષણમાં અનેક સ્થળે અનેક પ્રકારના કાર્યોની ટીપો થાય છે, પણ જ્ઞાનના પ્રચારાર્થે, સાધર્મિઓની ઉન્નતિ અર્થે, વિદ્યાદાન અર્થે તદ્દન નહિ જેવું લક્ષ અપાય છે એ બીના જૈનોની ઉન્નતિસૂચક શી રીતે કહી શકાય? અમો એવા દાખલાઓ બનવાની જરૂર વિષે કહેવા લલચાઇએ છીએ કે, અમુક ગામમાં જ્ઞાન મંદીર માટે મોટી રકમ એકઠી થઈ, અમુક ગામથી સાર્વજનિક જૈન સંસ્થાઓ જેવી કે, કૉનફ્રન્સ સુકૃત ભંડાર ફંડ, જૈન બોર્ડીંગો, અનાથાશ્રમો, વિદ્યાશાળાઓ, હુન્નરશાળાઓ, કન્યા-

શાળાઓ, સ્ત્રી શાળાઓ માટે મોટી રકમોની મદદો મોકલવામાં કે ( પોતાના ગામમાં હોય તેને ) આપવામાં આવી. શું આપણે જૈન પત્રોમાં મુનિરાજોના વ્યાખ્યાનોના ધ્વનીથી માત્ર ખાલી ચોથા આરાના આનંદની વાતો જે કાગળોમાં અરસપરસ લખવામાં આવે છે અને જૈનપત્રોમાં પણ પ્રકટ થાય છે તેટલા માત્રથી શું જૈન કોમની અને જૈનધર્મની ઉન્નતિ જોઇ શકીશું ? હૃદય તેનો જવાબ નકારમાંજ આપશે. પર્વાધીરાજ પર્યુષણમાં કરવાનાં કાર્યો માટે વર્તમાનપત્રોમાં અને ખુદ મુનિરાજોના મુખે જે સાંભળ્યું છે તે હજુ તાજુ જ હશે અને તદ્‌માર્ગે શ્રાવકોએ યથાશક્તિ પોતાની શક્તિનો સદ્‌પયોગ કર્યો હશે; પણ પ્રશ્ન ઉદ્‌ભવે છે કે, અમુક સ્થળે અમુક અઠ્ઠાઇઓ થઈ, તે ઉપર અમુકે ( સાધર્મિક વાત્સલ્યનો સંકુચિત અર્થ જમણવાર એટલુંજ સમજી ) નવકારસીઓ કરી, વળી ૧૦૦ કે ૫૦૦ અથવા તેથી પણ અધિક, દ્રવ્ય ખર્ચી ( સત્ય ભાવાર્થ ઉપર ખ્યાલ કર્યા વીના માત્ર ગૃહણીઓને સંતોષવા ) પાળણાદિ ઘેર પધરાવી, પ્રભાવનાઓ ! કરી ઇત્યાદિ હકીકતો જેમ પ્રકટ થવા પામે છે તેના અમો વિરોધી બનવા ઇચ્છતા નથી,–શક્તિ અનુસાર ભલે હો,–પણ અમો એમ કહેવા માગીએ છીએ કે; **ઉક્ત કાર્યોની સાથેજ–મનુષ્ય દયાની પોષક સંસ્થાઓને** મજકૂર રીતે ચડસાચડસી યુક્ત મદદો અપાયલી શું નહિ સાંભળીએ ? શું પત્રકારો તેવા સમાચારો વધારે પ્રકટ કરવાને ભાગ્યશાળી નહિ થાય ? અનુભવીઓનું માનવું છે કે તેમ થવું જોઇશે. જેટલી ઢીલ તે માટે થાય છે તેટલો સમય આપણે આગળ વધતા અટકેલા છીએ એમ સમજવું, માટે–અધિષ્ઠાયક પ્રત્યે પ્રાર્થીશું કે મહાત્મા મુનિજનોની આંતર ધ્વનિ તદ્‌માર્ગે વિશેષ પ્રબળ વેગે કામ કરે અને તેની કાર્યસાધક અસર શ્રાવકો ઉપર જલદી થાય ! !

**અનાથાશ્રમ–કૉન્ફરન્સ.**

**નડીઆદ હિંદુ અનાથાશ્રમનો** સને ૧૯૧૨–૧૩ નો રીપોર્ટ જોતાં જણાય છે કે, તે સંસ્થા ૧૯૦૮ માં સ્થપાયા બાદ વ્યવસ્થાપકોની ખંતથી અનાથોના રક્ષણાર્થે ઉદાર ગૃહસ્થો પાસેથી સારૂં દાન પ્રાપ્ત કરી શકી છે અને હેતુ અનુસાર તેણે ઉપયોગ પણ કર્યો છે. એક સુંદર મકાન તૈયાર કરી શકાયું છે તેમજ જમીન વગેરે પણ દાતાઓ તરફની મદદે મળી છે. સિલક વધુ જણાતી નથી પણ **आरंभे सुरा** એ સ્થિતિ ન બને અને સારી વ્યવસ્થાપૂર્વક પરમાર્થ દ્રષ્ટિએ કામ કરનારનો જ્યાં સુધી સદ્‌ભાવ હશે ત્યાં સુધી ખર્ચ પ્રમાણે મદદ મળશેજ; એમ તેના રીપોર્ટમાં હિંદુસ્તાન ઉપરાંતના દેશાવરોથી મળેલી મદદો ખાત્રી આપે છે. 'દરેકને કામ વ્હાલું લાગે છે' વળી અસુરેથી પણ મુક્તિફોજની કાર્યપદ્ધતિએ હિંદવાસીઓને આવાં કામો ઉપાડી લેવા લલચાવ્યા છે અને નાના મોટા દાનેશ્વરીઓ પણ હવે મનુષ્યની ખરી દયા **अनाथाश्रमो** અને **बोर्डींगो** વડેજ થઇ શકે છે તથા વિદ્યાદાન, અન્નદાન, વસ્ત્રદાન, આખી પરીણામે જીવીતદાનના મહદ્ પુન્યના ભાગી થવાય છે એમ સમજવા લાગ્યા છે.

રીપોર્ટવાળા વર્ષની આખરે ૬૪ ની સંખ્યા અનાથ અને અપંગોની જણાવી છે. એવો સમય ક્યારે પ્રાપ્ત થાય કે હિંદ પોતાની ભુમી ઉપરજ અનાથો હોયજ નહિ એવું સદ્‌ભાગ્ય પ્રાપ્ત કરે ! પણ જ્યાં આશ્રય વીનાના રખડતા, અરે ભુખે મરતાની સંખ્યાનો પાર ન હોય ત્યાં આ આશા વ્યર્થ છે, અને તેથી **આશ્રમો અને બોર્ડીંગોની** વિશેષ

પ્રમાણમાં જરૂર છે એમ સ્વિકારવું પડે છે. અમારી યાદ મુજબ આપણી તરફ સાર્વજનિક આશ્રમો અમદાવાદ, મુંબઈ, નડીઆદ, સુરતમાંજ છે. દક્ષિણ અને બંગાળમાં બીજાં પણ છે. વળી કાઠીઆવાડમાં થવાના સમાચાર જણાયા છે, જ્યારે કોમ કોમના માટે જુદાં પણ કેટલાંક હયાતી ભોગવે છે. આ બધાની કૉન્ફરન્સ થઈ કંઈ વધુ સંગીન રીતે કાર્ય કરી શકાય તો ઠીક, એમ ધારી આ અનાથાશ્રમના વ્યવસ્થાપકોએ આ સપ્ટેમ્બર માસની આખરે મુંબઈ ઇલાકાના અનાથાશ્રમોનું કૉનફરન્સ મેળવવાની ખબર બહાર પાડી છે; તે તરફ દરેક આશ્રમના વ્યવસ્થાપકો અને સ્હાયકોનું લક્ષ ખેંચવાને જરૂર વીચારીએ છીએ; કેમકે ભેગા પ્રયત્ને થોડા ખર્ચે વધુ ફળ મેળવી શકાય છે.

એક આશ્રમમાં ૫૦ ની સંખ્યા હોય અને તેનું ખર્ચ માસીક રૂ. ૨૫૦) આવતું હોય તો ૧૦૦ ની સંખ્યામાં રૂ. ૫૦૦) નહિ પણ રૂ. ૪૦૦ અને કદાચ તેથી ઓછું પણ આવી શકે છે માટે સમુદાયને વધારે ગુંચવાડો ઉભો થાય તેવા અનેક અને અનેક રીતે મેળવાતા દાનોના બદલે ચોક્કસ અમુક પ્રકારેજ નકી કરવા, એક આશ્રમને આટલી મદદ અને તેટલું ખર્ચ જોઇએજ, અરસપરસ એક બીજાને અમુક રીતે સ્હાય આપવી વગેરે આ કૉનફરન્સે વીચારો કરવા, અને તદ્દમાર્ગે પ્રયાસ ચાલુ રાખવો જરૂરી છે.

આવી સંસ્થાઓનો લાભ મેળવવા આવનાર મરજી મુજબ સંસ્થા છોડી જાય છે એમ જોઈ ખેદ થાય છે; કારણ રીપોર્ટવાળા વર્ષમાં ૪૪ નવા આવ્યા ત્યારે ૩૯ જુદા જુદા કારણે સંસ્થા છોડી ગયા. આમ દર વરસ ચાલે તો વ્યવસ્થાપકોને સંગીન પરીણામ બતાવવાને સાધન ઓછું થાય. ઉદ્યોગે લાગવા સીવાય નાસભાગ જેવી સ્થિતિ માટે અંકુશ મુકવો જોઇએ.

મુષ્ટિદાન જો કે આપનારને જરા પણ ભારે પડતું નથી પણ કહાડવું સંઘરવું અને પહોંચાડવું જેમ અગવડ ભર્યું છે તેમ ઉઘરાવવું સંસ્થાને ખર્ચાળ થઇ પડતું માલુમ પડે છે.

વીઝીટરોમાં મોટો ભાગ અનુભવી ન હોવાથી માત્ર ઉપરનું જોઇ ખુશી થઈ વખાણજ કરે છે જ્યારે થોડો ભાગ ખોડખાંપણ જોઈ નારાજી પ્રકટ કરનારો હોય છે પણ બારીકાઇથી સંસ્થાની આવક, જાવક, અનુકુળતા, અને વ્યવસ્થા તપાસી યોગ્ય અભિપ્રાય સાથે વ્યાજબી સુચનાઓ કરનારો ભાગ ઘણોજ થોડો છે અને ખરી રીતે સંસ્થાઓના હીતના અર્થે તેવાઓની વધારે જરૂર છે. રીપોર્ટના પૃષ્ટ ૧૧૫ મે મી. ભોગીન્દ્રરાવ દીવેટીઆનો અભિપ્રાય પ્રકટ થયો છે તેવા અભીપ્રાયોની યાને સુચનાઓની જરૂર છે અને તેવી સુચનાઓ પૈકી વ્યવસ્થાપકોએ શું ફેરફારો અને વીચારો કર્યા છે તે રીપોર્ટમાં જણાવવું જોઇએ છીએ.

સેક્રેટરીઓ જણાવે છે કે " આમાંની મ્હોટી સહાય સાધારણ જનસમાજ તરફથીજ મળી હતી. શ્રીમંતો નીજસુખમાં અન્યનાં દુઃખને વ્હેલાં વીસરી જાય છે, જ્યારે સામાન્ય વર્ગ પોતા કરતાં ઓછા સુખી એવા દુઃખી જનો પ્રત્યે પ્રેમ અને અનુકંપાની ભાવનાને સદા પોતાના હૃદયમાં સ્થાન આપી શકે છે. પ્રેમ અને દયાથી આપેલું એક પાઈનું દાન પણ વિશેષ ફળપ્રદ છે. આર્ય ભૂમિના જીર્ણાવસ્થાને પામેલા જનસમાજમાં આ પ્રેમ અને દયાની ભાવનાનું સામાન્ય રીતે અસ્તિત્વ જોઇને આનંદ નહિ થાય? અનાથો પોતે સનાથ સમજે એમાં શું આશ્ચર્ય ? "

આ વાક્યે સામાન્ય વર્ગની ખરી કદર બુઝી છે જ્યારે મ્હોટા શ્રીમંત વર્ગને—અન્ય

કાર્યોમાં લાખલુટ ખર્ચો કરાય છે તે રીતે—આવા પરમાર્થ કાર્યોમાં—મનુષ્યના હિતની ખાતર સબળ હિસ્સો આપવાને નમ્ર અપીલ કરી છે એમ સમજાય છે, તેથી વિશેષ ન જણાવતાં મી. હીરજીભાઈના શબ્દોમાં કહીશું કે "આવા આશ્રમોની બહુર જરૂર છે અને જેની રગમાં હિંદખાતાનું લોહી વહે છે તેણે તો યથાશક્તિ મદદ કરવી જોઈએ."

# पुस्तक परीक्षा.

**उत्तमबोध**—( પૃષ્ઠ ૧૨૦—કીં. અમૂલ્ય )—સોલીસીટર મી. મોતીચંદ ગીરધર કાપડીયાનાં મર્હુમ માતુશ્રી બાઈ સમરથના સ્મર્ણાર્થે—પુન્યાર્થે—પ્રગટ થતા 'બાઈ સમરથ સ્મારક-માળા' ના ચોથા મણકા રૂપે મજકુર ગ્રન્થ તે માતાના ચરણ—કિંકરો—સુપુત્રોએ પ્રકટ કર્યો છે. આ અગાઉ ત્રણ મણકા ( ૧ ) ગીત સંગ્રહ ( ૨ ) અંજના સુંદરીની કથા ( ૩ ) સ્થુલીભદ્રની શીયળવેલ એમ પ્રકટ થયા છે. મજકુર ત્રણે બુક નાની બે ફર્માની છે જ્યારે આ ચોથી બુક મોટી ૮ ફર્માની સારા કાગળ ઉપર સારી છપાઇ અને જાડા પુઠાંવાળી પ્રકટ થવા પામી છે. ખરેખર પોતાના ઉપગારીઓ અને સંબંધીઓના સ્મણાર્થે હજારો રૂપીઆનો અન્ય માર્ગે વ્યય થાય છે તે કરતાં આ માર્ગ સ્વ અને પરને વધુ હીતાવહ છે—ઉપયોગી અને અનુકરનીય છે.

ઉત્તમ બોધ એ બુક મી૦ કાપડીયાના બંધુ મી. ઉત્તમચંદ ગીરધરલાલના ૧૮ વર્ષની લઘુ વયે થયેલા અકાળ મૃત્યુ બાદ તેમના મિત્ર મંડળે ઉત્તમના સદ્‌વિચારોના સંગ્રહ રૂપે પ્રકટ કરી હતી જેની માગણી વિશેષ થવાથી મજકુર સ્મારક માળાના ચોથા મણકા રૂપે ( ત્રીજી આવૃત્તિ ) સમરથનાં સુપુત્રોએ પ્રગટ કરી છે જેમ મીત્રોએ સદ્‌ગુણી મીત્ર પ્રત્યેની ફરજ બજાવી છે તેમ બાંધવોએ સદ્‌ગુણી બાંધવ પ્રત્યેની પ્રેમભરી લાગણી પ્રકટ કરી છે.

મી. ઉત્તમનું જીવન વૃત્તાંત જોતાં અને તેઓની ૧૮ વર્ષની બાળવય તરફ ખ્યાલ કરતાં, પ્રીવીયસની પરિક્ષા માન સહિત પૂર્ણ કરી ઇન્ટરમીડીયટમાં દાખલ થયા તે બીના સાથે ૧૧ વર્ષની ઉમ્મરથી ધાર્મિક દૃઢ સંસ્કાર થવા અને ધાર્મિક તથા ઇંગ્લીશ અભ્યાસ કાળજી પૂર્વક ચાલુ રાખવા ઉપરાંત, સભાઓમાં રસભર્યો ભાગ લઇ ઉપયોગી—વિચારશીલ ચર્ચાઓ કરવી, જૈન કોનફરન્સ અને નેશનલ કોંગ્રેસ જેવા મહા મંડળોમાં ભાગ લેવો એ કંઈ જેવું તેવું કાર્ય કહેવાય નહિ. તેઓના કેળવણી અને ગૃહ સંસાર જેવા અગત્યના વિષયો ઉપર તેમજ પ્રેમ, મૈત્રી, ફરજ અને સામાન્ય નીતિ ઉપરના વીચારોનો સંગ્રહ અવલોકતાં એમ કહીએ તો અતિશયોક્તિ કહેવાશે નહિ કે બાળ વયે છતાં વિચારે—આચારે—પક્વ બુદ્ધિવાન પુરૂષ હતો અને ઉગતું પુષ્પ ચુંટાઈ ગયું ન હોત તો વિશેષ સુગંધનો લાભ પોતાની કોમને જરૂર આપત. આ કથનને મી. મૌક્તિક અને પ્રોફેસર બુલ્હાકિસના પત્રો જે આ બુકમાં પ્રગટ થયા છે તે ટેકો આપવાને પુરતા છે.

આબુકની જેમ વિશેષ નકલો પ્રકટ થાય અને ખાસ કરી યુવાન વિદ્યાર્થી વર્ગમાં વિશેષ વાંચન કરાવાય તો તેઓને બોધ લેવા, અનુકરણ કરવા, અને ગ્રહણ કરવા યોગ્ય તેમજ પ્રકાશકના શબ્દોમાં કહીએ તો "જીવનના અમુક ગુંચવણ ભરેલા સવાલો ઉકેલવા" આ બુક અત્યંત ઉપયોગી થઈ પડશે.

અત્યંત નાની બુકો કરતાં બેત્રણ ભેગી સારા રૂપમાં એક પ્રકટ કરવામાં આવે તો વધારે સારૂ એમ અમારી સુચના છે અને ધારીએ છીએ કે પ્રથમના ત્રણે મણકાની નવી આવૃત્તિ એ રીતે પ્રકટ થશે તો વધારે ઠીક થશે. મી. કાપડીઆએ આ રીતે પોતાની સદ્‌ગત બ્હેન મોંઘીના નીમીત્તે પણ બે બુક પ્રગટ કરી છે. જે માર્ગનું અનુકરણ કરવા અમો વાંચકનું લક્ષ ખેંચીએ છીએ.

**પુષ્પમાળા પ્રકરણમ્** (પૃષ્ટ ૨૦૮ પ્ર૦ જૈન શ્રેયસ્કર મંડળ) લગભગ ૧૩૦૦ વર્ષ ઉપર વિદ્યમાન, નવાંગી ટીકાકાર શ્રીમદ્ **અભયદેવસુરિના** શિષ્યરત્ન શ્રી **હેમચંદ્રસૂરિએ** આ ગ્રંથ મુળ **માગધીમાં** રચેલો છે અને તે ઉપર **જીનભદ્રસૂરિના** શિષ્ય મહોપાધ્યાય શ્રી **સોમગણીજીએ** સંસ્કૃતમાં ટીકા કરી છે જેના આધારે મુનિ મહારાજશ્રી કર્પુરવિજયજીએ સારભૂત સરલ વ્યાખ્યા કરી છે જે **ગ્રન્થ** ઉક્ત મંડળ તરફથી એક સદ્‌ગૃહસ્થની આર્થિક સહાયવડે ૧૯ મા **ગ્રન્થ** તરીકે પ્રકટ થવા પામ્યો છે. અનેક કાર્યોમાં વેણીચંદભાઈનું **ગ્રન્થ** પ્રકાશકનું પણ આ એક કાર્ય છે.

**ગ્રન્થ** ઉત્તમ છે, તેજ રીતે ગુર્જર ભાષામાં મુનિશ્રી કર્પુરવિજયજીએ ટુંકમાં પણ સરળ રીતે સમજી શકાય તેવું વિવેચન કર્યું છે. **ગ્રન્થ** ગૌરવાદિના કારણે પ્રાસંગીક દ્રષ્ટાંતો–કથાઓ બહુજ ટૂંકાણમાં મુકી છે જે ઓછા અભ્યાસી જૈનોને તથા જૈનેતરોને આદર્શરૂપ થાય તેવા રૂપમાં થોડોક પણ વિસ્તાર કરાયો હત તો વધારે ઠીક હતું.

ગ્રંથનું મૂળ નામ ઉપદેશમાળા છે પણ શ્રીમાન ધર્મદાસ ગણિ વિરચિત પ્રસિદ્ધ ઉપદેશમાળાથી જુદો ઓળખાવવા માટે કર્તા પુરૂષેજ **પુષ્પમાળા** નામ આપ્યું છે. ખરેખર સંપૂર્ણ ધ્યાનપૂર્વક મનન તથા નિદીધ્યાસન કરનારને આ સદ્‌ગુણ રૂપી પુષ્પોની માળા સ્વગુણ–આત્મગુણ પ્રકટાર્થે ઉત્તમ સુગંધ અર્પશેજ.

**ગ્રન્થ**માં નીચલા વીશ અધિકાર છે (૧) અહિંસા (૨) જ્ઞાન (૩) દાન (૪) શીલ (૫) તપ. (૬) ભાવ. (૭) સમ્યક્ત્વ શુદ્ધિ. (૮) ચરિત્રશુદ્ધિ. (૯) ઇંદ્રિયજય. (૧૦) કષાય નિગ્રહ. (૧૧) ગુરૂકુળવાસ. (૧૨) સ્વદોષની આલોચના. (૧૩) ભવ વૈરાગ્ય. (૧૪) વિનય (૧૫) વૈયાવચ્ચ (૧૬) સ્વાધ્યાય (૧૭) અનાયતન ત્યાગ (૧૮) પરમ વિવાદ નિવૃત્તિ (૧૯) ધર્મે સ્થિરતા, અને (૨૦) પરિજ્ઞા (અનશનરૂપ) એમ અધિકારો છે.

ધર્મનું મૂળ **અહિંસા** છે. જેનું સત્ય સ્વરૂપ **જ્ઞાન**વડે જાણી શકાય છે અને **દાન**થી તેની વૃદ્ધિ થાય છે જ્યારે તે **શીયલ** સાથે હોય તો બાકી શું ? અર્થાત સુવર્ણ અને સુગંધ તુલ્ય બને. શીલ રત્ન જો **તપયુક્ત** હોય તો તે વિશેષે કરી કર્મ નિર્જરા માટે થઈ શકે પણ તે દરેકે શુભ **ભાવ**પૂર્વક ન હોય તો શેલડીના પુષ્પની પેઠે નિષ્ફળ થાય એમ **ગ્રન્થ**કાર પ્રબોધે છે. ત્યારબાદ શુભ ભાવ જાગૃત કરવાની આવશ્યકતા જણાવી તેના ૧૪ હેતુઓ–માર્ગો જણાવ્યા છે. જેમાં **સમ્યક્ત્વ** શુદ્ધિ ઉપર વિવેચન કરી **ચારિત્ર** શુદ્ધિ ઉપર ટુંકમાં પણ ઉત્તમ અને ઉપયોગી વિવેચન કર્યું છે જે તરફ ચારિત્રમાં સ્થિત અને ચારિત્રના ખપીજનોનું અહોનીશ લક્ષ હોવું જરૂરી જણાય છે.

ટુંકમાં આ **ગ્રન્થ** વાંચતાં કર્તાના હૃદય બગીચાની વિશાળતા અને ઉચ્ચતા જણાઈ આવે છે. આવા અનેક અને અપૂર્વ ગ્રન્થો પોતાના વિશાળ જ્ઞાન અને ગુણની વાનગીરૂપ પૂર્વાચાર્યો રચિ ગયા છે પણ તેમાં વૃદ્ધિ થવાના બદલે કાળના શરણે મોટો ભાગ ગયો છે તોપણ જળવાઈ રહેલ ભાગ પૈકી થોડો થોડો ભાગ જુદી જુદી સંસ્થાઓ મારફતે પ્રકટ થવા પામતો જોઈ કંઇક સંતોષ થાય છે.

આ ગ્રન્થના અંતે મૂળ માગધી ભાષામાંજ **चतुर्गति-जीव-क्षपकानि** નામક ગ્રન્થ જે ૩૮ ગાથાનો છે તે મૂળરૂપેજ મુક્યો છે-અન્ત સમયે સર્વ જીવોને ખમાવવાનો આ ગ્રન્થ છે, તેનું વિવેચન કરાયું હત તો વધારે ઉપયોગ થાત.

**जैन आत्मानंद सभा**—ભાવનગર. ઉક્ત સભાનો ત્રિવાર્ષિક રીપોર્ટ સં. ૧૯૬૬-૬૭-૬૮ નો પ્રકટ થયા છે અને તે અભિપ્રાયાર્થે પ્રાપ્ત થયો છે. લગભગ ૨૨ મહીના વ્યતિત થયા બાદ સભાના કાર્યોમાં કેટલો વધારો થયો હશે તે જાણવા વીના વિશેષ જણાવવું ઉચીત જણાતું નથી તોપણ રીપોર્ટ ઉપરથી એમ તો કહી શકાય છે કે ન્યાયાંભોનિધિ શ્રીમદ્વિજય સૂરિશ્વર (આત્મારામજી) ના અત્યંત ઉપકારને જાગૃત રાખવા-તેઓશ્રી તરફની ભક્તિને લઇ, (ગુરૂ સ્મરણાર્થે) આ સભા સંવત ૧૯૫૨ ની સાલમાં સ્થાપન થઇ છે અને ક્રમે કરી આગળ વધતી જાય છે.

સભાસદોની સંખ્યા છેલ્લા વર્ષોમાં અસાધારણ વધી છે તેમજ પુસ્તક પ્રકટ કરવાનું કાર્ય પણ તેજ પ્રમાણે વધતું જાય છે અને તેમ થવામાં કૃપાળુ ગુરૂશ્રીના પરિવારની મોટી સહાય મળી છે એમ રીપોર્ટમાં જણાવ્યું છે.

સભાના વ્યવસ્થાપકો ઉદાર વીચારના હોઇ ગુરૂ ભક્તિ પણ તારીફ લાયક બજાવતા જાય છે. આત્માનંદ સભા, આત્મ પ્રકાશ માસીક, આત્માનંદ ભૂવન, આત્માનંદ જૈન ફ્રી પુસ્તકાલય અને લાયબ્રેરી, એ કાર્યો ઉપરાંત શ્રી શત્રુંજય તીર્થ ઉપર દરવર્ષે જઇ આત્માનંદ જયંતી ઉત્તમ રીતે ઉજવવી એ ઉત્તમ ભક્તિની નીશાનીઓ છે.

શરૂવાતમાં માસીક પ્રગટ કરવા ઉપરાંત સૂરિશ્વર રચિત પુસ્તકો પ્રસિદ્ધ કર્યા હતાં. હાલ તેમાં મોટો વધારો થતો જોવાય છે, કેમકે પૂર્વાચાર્યો કૃત માગધી સંસ્કૃત, મુળ-અવચૂરિ અને ટીકાના ગ્રન્થો પ્રગટ કરવાનું કાર્ય હાલમાં સારૂં ચાલે છે. અન્ય સભાની સાથે આવી જ્ઞાન વૃદ્ધિની હરીફાઈ પ્રસંશનીય છે. બંને સભાઓ ગ્રન્થો પ્રકટ કરવા તરફ હાલમાં જુદી જુદી રીતે પણ સારા પ્રમાણમાં ધ્યાન આપે છે. હજુ પૂર્વાચાર્યોની કૃતિઓ બેસુમાર છે, જે શુદ્ધ અને ઉત્તમ રીતે વધુ પ્રકાશ પામે તેમ વધુ લાભજ છે.

ફ્રી પુસ્તકાલયનો બહોળો લાભ લેવા અર્થે રૂ. ૩૨૦૦) નાં પુસ્તકો ભાગ્યેજ પુરતાં ગણી શકાય. મુનિશ્રીઓ પાસેની હસ્ત લીખીત પ્રતો ઉપરાંત જૈન અને બીજા ગ્રન્થોથી તેને એક ભવ્ય પુસ્તકાલય બનાવવાની જરૂર છે. મુંબઇ, અમદાવાદ, સુરત, વડોદરા, પાટણ, ભાવનગર, ઇત્યાદિ મોટા સ્થળોએ તેમ થવાથી ઘણા લાભો દ્રષ્ટિગોચર થશે.

માસીકમાં મહુમ જૈન ફિલોસોફર વકીલ મુળચંદભાઇની કલમ જે નીડરતાથી દેખાવ આપતી હતી તત્ પ્રકારે હાલમાં જણાતું નથી, તોપણ તેઓના મંતવ્યને સેક્રેટરી મી. વલભદાસ જાગૃત રાખે છે એમ જણાય છે. ગ્રાહકોની સંખ્યા જોતાં તેનું કદ બદલવા સાથે લેખકોની અનુકુળતા હોય તો પૃષ્ટ વધારી નવીન અને વધુ વાંચન આપવાને તંત્રી તજવીજ કરશે એમ ઇચ્છીએ છીએ. રીપોર્ટ દર વર્ષે પ્રકટ કરવામાં આવશે તો સભા વિશેષ લાભ પ્રાપ્ત કરશે.

**दशाश्रीमाळी अने जैनबोर्डींग**—રાજકોટ. નો રીપોર્ટ સને ૧૯૧૨ ના અક્ટોમ્બર સુધીનો તથા ચાલુ મહિનામાં બહાર પડેલ. અપીલ જોતાં કાઠીઆવાડના મધ્ય બીન્દુ તરીકે અને તે વિભાગના માટે કેળવણીમાં દરેક સાધનો ધરાવતા રાજકોટ શહેરમાં છેલ્લા સાત વર્ષથી ઉપલી બોર્ડીંગ ચાલે છે એમ જણાય છે. અપીલ અને રીપોર્ટ જોતાં ફંડ કંઈ નથી તેમ

ખર્ચ વધતું જાય છે જે પ્રમાણે માસીક આવક પણ વધવા જરૂર છે. માત્ર રાજકોટ સીવાયના વણિક બંધુઓએ હજુ તે તરફ ખ્યાલ કર્યો નથી એ ખેદજનક છે. એમ ધારી શકાય છે કે ગયા પર્યુષણ વખતે **અપીલ** કરવાથી જેમ થોડી પણ મદદ મળી હતી અને તેમાં સ્ત્રી વર્ગે પણ હીસ્સો આપ્યો હતો તેમ કમીટીનું એક ડેપ્યુટેશન રાજકોટની આસપાસના ગામોમાં અને જામનગર, ગોંડળ, મોરબી આદિ મ્હોટા શહેરોમાં એક વખત ફરવા નીકળે તો માસીક મદદમાં ઘણો વધારો થઈ શકે, ઉપરાંત મકાનની અગવડતા પણ દૂર થઈ શકે. વ્યવસ્થાપક કમીટી ઓછી આવક છતાં સારૂં કાર્ય કરે છે પણ વધારે આવક થાય તેમ કરવાની જરૂર છે, કારણ હાલ ૪૧ ગામના ૬૮ વિદ્યાર્થીઓ છે અને વધારે અરજીઓ આવ્યા કરે છે એમ જણાય છે.

ખરૂં છે કે જીવદયાના મુખ્ય અંગ સમાન **મનુષ્યદયાના** એક ઉત્તમમાં ઉત્તમ સાધન તરીકે આવી બોર્ડીંગ જેવી સંસ્થાઓને વધુ વીશાળ અને સંગીન બનાવવા પ્રથમ જરૂર છે. વણિકો, જૈનો તેમાં પણ બન્ને શીરકાઓ સાથે છતાં, કેળવણીનું કાઠીઆવાડમાં રાજકોટ એ મુખ્ય સ્થળ છતાં, વળી રાજકોટમાં કેળવણી પામેલા વણિકોની સારી સંખ્યા છતાં આ બોર્ડીંગ માત્ર ૩–૪ હજાર જેટલીજ રકમ ધરાવે એ વીચારવા યોગ્ય છે. નડીઆદ હીંદુ અનાથાશ્રમના ધોરણે અમુક રૂપીઆ આપનારના નામનો એક ઓરડો ઇત્યાદિ યોજના ઉભી કરવામાં આવશે તો માત્ર કાઠીઆવાડમાંથીજ મકાન માટે જોઇતી પચીસેક હજારની રકમ મળી શકશે એમ ધારવામાં નથી ધારતા કે ભુલ થતી હોય.

**કચ્છી વીશા ઓસવાલ જૈન પાઠશાળા–મુંબઈ.** (રીપોર્ટ સં. ૧૯૬૯ પૃષ્ટ ૩૨) આ રીપોર્ટ જોતાં આ પાઠશાળા ધાર્મિક અને વ્યવહારીક ગુજરાતી સાતમા ધોરણ સુધી અને ઇંગ્લીશ ત્રીજા ધોરણ સુધી શીખવવાની વ્યવસ્થા રાખેલી છે. વર્ષ આખરે ૧૮૩ વિદ્યાર્થીઓની સંખ્યા જણાવી છે. વચગાળે ૨૨૦ સુધી થઇ હતી. આવી પાઠશાળા કચ્છી દશા ઓશવાલો પણ ચલાવે છે. જો બન્ને મળી ચલાવતા હોય તો ખર્ચમાં ઓછાશ થવા સાથે વધુ સંગીન કામ કરી શકાય એમ રીપોર્ટ જોતાં જણાય છે. રીપોર્ટવાળા વર્ષમાં રૂ.૨૧૫૦) ના આશરે ખર્ચ થયું છે અને ટ્રસ્ટીઓ બ્યાપારી લાઇનમાં ફંડની રૂ ૫૫૦૦૦) ની રકમ છે તે રોકી હોવાથી રૂ ૩૨૫૦) જેવી સારી રકમ બ્યાજની ઉત્પન્ન થઈ છે. પરીક્ષાના પરિણામ તરફ નજર કરતાં ૭૩) ટકા પ્રમાણ સારૂંજ ગણાય. ધાર્મિક પુસ્તકો એક ગૃહસ્થ તરફથી મફત પુરાં પાડવામાં આવે છે અને તે હજુ ચાલુ છે. જ્ઞાતિજનો દ્રવ્યની સહાય આપતા રહેવા સાથે તેની વખતો વખત મુલાકાત લઈ શિક્ષકો અને વ્યવસ્થાપકોને વધારે ઉત્સાહ આપવો જરૂરી છે.

રીપોર્ટમાં પાઠશાળા, લાઇબ્રેરી અને તેના અંગેના ધારાઓ શિક્ષણનાં ધોરણો, પરિક્ષાનું પરિણામ, અભિપ્રાયો, કમીટીની મીટીંગો ઇત્યાદિ વીગતે જણાવ્યું છે. ખરૂં છે કે 'જ્ઞાન લેવું, જ્ઞાન લેવાનાં સાધનો આપવાં, જ્ઞાન લેનારને દેખી રાજી થવું એ મહા પુણ્યકારક છે." આવી ધાર્મિક સાથે વ્યવહારીક શાળાઓનો વધારે નહિ તો મોટા સ્થળોએ તો ખાસ જરૂર છે તેમ થશે ત્યારેજ ધાર્મિક શિક્ષણ એકજ રીતે ક્રમસર આપવાની અનુકુળતા થશે અને તે માટે કરવાથી વાંચનમાળાઓનું પણ સાર્થક થશે.

# आपणुं जीवन !

We are living in an age of transition. There is a want of harmony between our faith on the one hand, and our knowledge and life on the other. —*Dr. Hoffding.*

*"Philosophy of Religion."*

" આપણે સંક્રાન્તિના ( રૂપાંતરના ) કાળમાં રહીએ છીએ. એક તરફ આપણી શ્રદ્ધા અને બીજી તરફ આપણું જ્ઞાન તથા જીવન એ વચ્ચે વિસંવાદ (વિરોધ) છે."

" આપણાં જીવન તે તો ચીલા રણકદમાં દોરાય."

શ્રીયુત્ ગોવર્દ્ધનરામ.

મનુષ્ય જાતનું જીવન ભિન્ન ભિન્ન પ્રકારનું છે. મનુષ્ય પ્રાણીનો જન્મ જે દેશ તથા કુટુંબમાં થયો હોય, તે સંયોગને લીધે મનુષ્યનું જીવન એક પ્રકારે મર્યાદિત થાય છે, તો પણ જીવન કેવી રીતે દોરવવું, તથા ગાળવું એ કેટલેક અંશે દરેક માણસના હાથમાં છે. સુખી જીવન તે કયું? તથા કેવી રીતે જીવન સુખી થઇ શકે? એ મહાન્ પ્રશ્નોનો જેણે સમાધાનપૂર્વક નિર્ણય કરી જીવનનો પ્રવાહ પુરો કર્યો તે ખરો ભાગ્યશાળી! બાકી દુનીઆમાં જન્મી જીંદગી પુરી કરી. કોટી પ્રાણીઓ ચાલ્યાં ગયાં ને ચાલ્યાં જશે. તેવા પ્રાણીના જન્મથી દુનીઆને શો ફાયદો? તથા પોતાનું સાફલ્ય શું? આધુનિક જૈન સમાજનું જીવન કેવે પ્રકારે ચાલે છે તે તપાસીએ.

દરેક દેશના લોકની પ્રકૃતિ તથા જીવન જુદા જુદા પ્રકારનું છે. એ સૂત્ર ગ્રહણ કરી વિજ્ઞાનશાસ્ત્ર તથા ન્યાયશાસ્ત્રના નિયમાનુસાર મનુષ્ય જીવનનાં વર્ગીકરણ તથા દ્વૈધિકરણની રીતે વિવિધ વિભાગ પાડી શકાય. પ્રથમ દર્શને જીવનના મુખ્ય વિભાગો નીચે પ્રમાણે થઇ શકે:—

| | |
|---|---|
| ૧. (અ) આર્થિક (લૌકિક, વ્યાવહારિક, ભૌતિક). | (બ) ધાર્મિક (પારલૌકિક, આધિ ભૌતિક). |
| ૨. (અ) સ્વાર્થી. | (બ) પારમાર્થિક. |
| ૩. (અ) કુટુંબીક. | (બ) સામાજીક. |
| ૪. (અ) ગ્રામ્ય. | (બ) નાગરિક. |
| ૫. (અ) શારીરિક. | (બ) માનસિક. |
| ૬. (અ) આંતર. | (બ) બાહ્ય. |

આ વિભાગોના પેટા વિભાગો થઇ શકે. આ વિભાગો પણ પરિપૂર્ણ કે અન્યોન્ય બાધક નથી. એક એકમાં સમાન તત્વો રહ્યાં છે. આ તો વિવિધ પ્રકારો સુચવવા એક યોજના છે.

આર્થિક એટલે આ દુનીયાના પ્રચારમાં રહી ઐહિક વિષયોમાં પરોવાઈ અર્થ (દ્રવ્ય)ની લાલસાવાળું, વ્યાવહારિક; ધાર્મિક એટલે દુનીયામાં રહી અથવા વીરક્ત થઇ સ્વાંતઃકરણ માન્ય ધર્મ પ્રમાણે વર્તનવાળું, અથવા દેશકાળ સ્થિતિ અનુસાર ધર્મ માનનારૂં આર્થિક જીવન વિષે

**આર્થિક.**

વિચારો કરતાં પ્રથમ પ્રશ્ન ઉદ્ભવે છે કે હાલમાં જનસમુહની આર્થિક સ્થિતિ કેવા પ્રકારની છે? લોકો પાસે વ્યવહારીક જીવન ગાળવા પુરતું કે લોકોપયોગી કામોમાં વ્યય અથવા સંતતિ લાભાર્થે સંચય કરતાં વધે એટલું છે ? હિંદુસ્તાનના લોકોની આર્થિક સ્થિતિ, પચાસ વર્ષ પર હતી તેના કરતાં સુધરી કે બગડી છે એ બાબત અર્થ શાસ્ત્રીઓ અને રાજનીતિજ્ઞ પુરૂષોમાં મતભેદ ચાલે છે. એકંદર વસ્તીનું પ્રમાણ લઈ સરાસરી રીતે દરેક મનુષ્યની વાર્ષિક ઉપજ પહેલાં કરતાં ઓછી થઈ છે એવો એક પ્રશ્ન છે. બીજો મત એવો છે કે સરેરાસ ઉપજ વધી છે. દેશ પરદેશ જોડે વ્યાપાર સંબંધને લીધે લોકોમાં પૈસો વધ્યો છે, તથા લોકોની વ્યય કરવાની શક્તિ તથા વલણ વધ્યું છે. આ મહાન્ ગુંચવણ ભરેલા પ્રશ્નનો સંતોષકારક નિર્ણય કરવો એ મુસ્કેલ છે, તોપણ આટલું તો દરેક પક્ષ કબુલ કરશેજ કે જરૂરીઆત વસ્તુ તથા અનાજ જેવા ખાદ્ય પદાર્થોની કીંમત વધી છે, એટલે અંતે પરિણામ તો એકજ આવ્યું. કારણ કે દ્રવ્ય વૃદ્ધિના પ્રમાણમાં વ્યય વધ્યો, એટલે સાધારણ વર્ગના તથા ગરીબ વર્ગની આર્થિક સ્થિતિ તેવીજ રહી. બલ્કે કંઇક ઉતરી. દ્રવ્યવાનની વાત જુદી છે. તેમને પદાર્થની કિંમતનો વધારો અસર કરતો નથી. મધ્યમ વર્ગનો ચાકરીઆત વર્ગ તથા વ્યાપારી વર્ગ, મજુર તથા ખેડુત વર્ગની સ્થિતિ કેવા પ્રકારની છે ? ચાકરીઆત વર્ગના પગારમાં વધારો થયો છે તથા મજુરોની રોજીમાં પણ પ્રથમના કરતાં વધારો થયો છે એમાં શંકા નથી. પણ વ્યય તથા પદાર્થની કિંમતમાં વધારો થયો છે એટલે એકંદર રીતે આ બંને વર્ગની સ્થિતિ સુધરવાને બદલે દયાજનક બની છે. કારીગર તથા મજુર વર્ગની દૈનિક રોજી વધી તેમાં વળ્યું શુ ? સાંજ પડતાં કામપરથી છુટીને ગૃહ તરફ જતાં જરૂરીઆત વસ્તુઓની ખરીદ કરવામાં રોજી પુરી થાય છે. મુંબાઇ જેવા મોટા શહેરોમાં બંધાતાં મકાનોમાં કામમાં રોકાયલા કારીગરો, સુથાર, કડીઆ, સલાટ વગેરે ઘણા લોકોની રોજી વધી છે. એ ખરૂં. દેશમાં પણ કારીગર લોકોનો રોજ વધ્યો છે એ સત્ય છે, પણ તેમાં ફાયદો શું ? જ્યાં સુધી દ્રવ્યની ખરીદ કરવાની શક્તિ વધી નથી ત્યાં સુધી રોજીનો વધારો નકામો છે.

**વ્યાપારી વર્ગની સ્થિતિ.**

વ્યાપારી વર્ગની સ્થિતિ તપાસશો તો શું જણાશે ? પરદેશ જોડે વેપાર સંબંધ વધવાથી આયાત તથા નિકાસના વેપારની વૃદ્ધિ થઈ છે. એ સ્વિકાર્યા વિના છુટકો નથી. રૂ કાંતવાના તથા જાડું કાપડ વણવાના કારખાનાંઓ સ્થપાયાથી લક્ષાધિપતિઓનો નવિન વર્ગ જન્મ પામ્યો છે એ સત્ય છે. એવાં કારખાનાંઓ દેશમાં થવાથી મજુર તથા ચાકરનો નવો વર્ગ થયો છે. તેમાં પણ ખેતી મુકીને મોટા શહેરોમાં બંધ જગ્યામાં કલાકો લગણ કામ કર્યાથી એ વર્ગની શારીરિક સ્થિતિ કેવા પ્રકારની થાય છે તેનો વિચાર કરશો તો જણાશે કે મીલના કામદારોની એકંદર સ્થિતિ સુખી નથી. પશ્ચિમના સુધરેલા સંપત્તિવાળા દેશોમાં કારખાનાનાં કામ કરતા હજારો મજુર વર્ગની સ્થિતિ તથા જીંદગીનો દયાજનક ચિતાર વાંચ્યો હશે તેને હિંદુસ્તાનના આ વર્ગની દશા તથા તેમની હાડમારી તથા સંકટોનો ખ્યાલ આવી શકશે.

હાલમાં વેપાર શામાં આવી રહ્યો છે ? વગર મહેનતે સટ્ટો કરી ખુબ પૈસો મેળવે તે મોટો વેપારી. પછી ગમે તે યુક્તિ વાપરવી પડે, અસત્ય બોલવું પડે, પ્રસંગ આવે દેવાળું

કાઢવું પડે તો અડચણ નહિ. થોડી અથવા વધારે મુડી રોકી, જાતમહેનત તથા વ્યવહારિક હોંશીઆરીથી વેપાર કરવો એ તો હવે ફક્ત દુકાનદારીજ ગણાય છે. ખરૂં નામ તો ત્યારેજ થાય કે થોડા વખતમાં જથાબંધ સદ્દો કરી લક્ષાધિપતિ બને. પશ્ચિમ તથા અન્ય દેશ જોડે સંબંધ કરી આયાત નિકાશની પેઢીઓ ખોલી કામકાજ કરવામાં આવે છે તે વાસ્તવિક વ્યાપાર છે. હિંદુસ્તાનમાં મુખ્ય બંદરો જેવાં કે મુંબાઇ, કલકત્તા, કરાંચી, ત્યાં આવા વ્યાપારની પેઢીઓ ઘણી નીકળી છે, ને તે લોકો સારો વેપાર કરે છે. તથા દ્રવ્ય પ્રાપ્તિ અને પ્રતિષ્ઠા સારી મેળવે છે.

અસલ જે શરાફની પેઢીઓની હુંડી આખા હિંદુસ્તાનનાં ચાલતી, તેવી પેઢીઓ બંધ છે. તેને બદલે નવિન પદ્ધતિનો બેંકનો સાહસ દાખલ થયો છે. આ ધંધામાં દેશીના કારભારવાળી હમણાં સંખ્યાબંધ બેંકો સ્થાપન થઈ છે. તેથી દેશીઓનાં નાણાં રોકવાનાં સાધનો મળ્યાં એમ જણાતું ને અનેક માણસોને રોજી પણ મળી હતી.

બેંકોની સ્થિતિ તપાસીએ. દરેક બેંક પોતાની આંટ અને ઘરાકી વધારવા એજંટો-દલાલોને ખેંચો વધારતીજ ચાલી. વિશ્વાસુ અને અજાન સંબંધીઓને લોકોને મોટી મોટી બડાઇઓ મારી, તેમના દ્રવ્યની સલામતીની જામીનગીરી આપી. થોડે વ્યાજે નાણાં મેળવી વધારે વ્યાજ ઉપજાવવાનું શરૂ થઈ ગયું. વ્યાજ સારૂં વહેંચવા માંડયું (પછી અંદર ગમે તે દશા હોય) એટલે શેરના ભાવો પણ વધ્યા. એટલે જનસમાજમાં

**બેન્કોની સ્થિતિ.**

વધારે ને વધારે વિશ્વાસ બેસતો ચાલ્યો. અનેક રાંડીરાંડો-વેપારીઓ, સગીરો ને મંદિરો તથા ધર્મશાળાઓનાં સલામતી શોધતાં નાણાંથી બેંકોની ત્રીજોરીઓ તર થઈ. ધૂમનાણું જમે માંડવું ને વ્યાજના લોભમાં ધીરવું. ફેશનેબલ ઓફીસો. ભારે પગાર ને જાહેરખબરોના ખરચોને પહોંચી વળવા ઉપરાંત (ચીનના) શાહુકારો તળે દબાઇ પડેલાં નાણાં જે ડુબે તે ઉધાર ખાતે લખાય. બેંકના મેનેજરો, ડાઇરેક્ટરો તથા ઓડીટરો પોતાને માટે અગર સગાઓને માટે ઓછે વ્યાજે, અન્યના નામે સંખ્યાબંધ નાણું ઉપાડે તે પણ ઉધાર બાજુએજ ચીતરવાનું. સહિસલામતી સારૂ વ્યાજને નિયમિતપણાના લોભી માણસોના કમનસીબે ઉધારનું પલ્લુ નમતાં તે બેંકને (લાચારીથી) લીક્વીડેશનમાં લઈ જવામાં આવે છે. શેરહોલ્ડરો ને માંગનારાઓ મરી જાય છે. તેનો ધક્કો અન્ય બેન્કોને પણ લાગે છે. જેમાં બેંકના વહીવટ કરનારાઓને સ્નાન સુતક ઓછુંજ આવે છે. જેના દાખલા આ વર્ષે ભારતે ઘણા પુરા પાડયા છે.

કારખાનાવાળાએ શરૂઆતમાં સારો નફો મેળવ્યો. તથા હજારો મજુરીઆ લોકોને રોજી મળી. હાલમાં અમેરિકા ઇંગ્લેંડ તથા જાપાન જોડે સરસા સરસીને લીધે આ ઉદ્યોગ પડતી સ્થિતિમાં આવ્યો છે. મીલોને થોડા કલાક કામ કરવું પડે છે, ને થોડા દહાડા બંધ પણ રાખવી પડે છે. રૂનો ભાવ વધવાથી સુતર તથા કાપડમાં કંઈ નફો મળી શકતો નથી. ખરચ તો ચાલુ રાખવાનો-તથા પેદાશ પણ નહિ એટલે માલનો

**કારખાનાઓની સ્થિતિ.**

જથ્થો વધતો જાય છે. તેના પ્રમાણમાં ઉપાડ નહિ એટલે ખોટે મીલો કયાં લગણુ ચલાવી શકાય? આવા પ્રસંગે મીલ બંધ કરવા કોર્ટમાં અરજીઓ થાય ને બધાના હિતને ખાતર-મીલ બંધ કરવાનો હુકમ થાય એટલે મીલમાં નાણાં રોકનાર, હિત ધરાવનાર, તથા મજુર વર્ગની અવદશા

પુરી. અમદાવાદના મીલ ઉદ્યમની સ્થિતિ જોશો તો જણાશે કે ગાડરીઆ પ્રવાહ પ્રમાણે દેખાદેખી એકજ પ્રકારની મીલ કાઢવાથી તથા ગજા ઉપરાંત જોખમ માથે વહોરી લેવાથી, પોતાની આબરૂ તથા પૈસો ખોયો એટલુંજ નહિ પણ ભરૂસે નાણાં મુકનારની કેવી અવદશા થાય છે તે ખુલ્લુંજ છે.

હવે કેળવાયલા વર્ગની સ્થિતિ જોઈએ, એના બે વર્ગ પાડી શકાય, એક ચાકરીઆત તથા બીજો સ્વતંત્ર ધંધાવાળો (જેવા કે વકીલ, બેરીસ્ટર, સોલીસીટર, ડોકટર, ઇજનેર, વ્યાપારી વગેરે.) ચાકરીઆત વર્ગના બે વિભાગ પડી શકે. (૧) સરકારી નોકરી (૨) ખાનગી.

**કેળવાયલો વર્ગ.**

ચાકરીઆત વર્ગનું નીરિક્ષણ કરીશું તો જણાશે કે, પહેલાં કરતાં પગાર વધારે મળે છે એ ખરૂં છે, ને ધીમે ધીમે કાળ ક્રમે મોટા હોદ્દાઓ દેશીઓને મળવા માંડ્યા છે એ સત્ય છે, એટલે સારા પગારવાળાની સ્થિતિ સુધરી છે, એ નિસંશય છે પણ સાધારણ કારકુન વર્ગ પહેલા કરતાં દુઃખી છે, કારણ કે પગારના પ્રમાણમાં જરૂરી હાજતો તથા રહેવાનો ખરચ વધ્યો છે અને એવીજ સ્થિતિ ખાનગી નોકરોની પણ છે.

સ્વતંત્ર ધંધાઓની શી દશા છે? આ ધંધાઓ ઇંગ્રેજી રાજ્યના અમલમાં જન્મ પામ્યા છે. તે પૂર્વે વકીલનો અસ્તિત્વમાં ભાગ્યેજ હતો. ડોકટર તથા ઇજનેરનું કામ સંસ્કૃત ભણેલા અથવા નહિ ભણેલા, પણ અનુભવથી મેળવેલા જ્ઞાનથી કામ કરનારા વૈદ્યો તથા ગજ્જરો તથા સલાટો કરતા હતા. છેક પૂર્વે દિવાની કજીઆનો નીકાલ ગામોની પંચાયતો કરતી ને ત્યાર પછી મુસલમાન વખતમાં કાજી તથા અદાલતની

**સ્વતંત્ર ધંધાઓની સ્થિતિ.**

સંસ્થા દાખલ કરવામાં આવી. મુગલ બાદશાહોના વખતમાં અદાલતોના પક્ષકારના વકીલો કામ કરતા એવું ઇતિહાસ ઉપરથી જણાય છે. અંગ્રેજ અમલમાં કોર્ટો સ્થપાયા પછી વકીલનો વર્ગ દાખલ કરવામાં આવ્યો. શરૂઆતમાં ઉચ્ચ જ્ઞાતીમાં મુસદ્દી વર્ગ જે રાજ્યની નોકરી કરતો હતો તેનું લક્ષ એ ધંધા તરફ ખેંચાયું. કાયદાઓ પણ થોડા હતા, ને માત્ર નામની પરિક્ષા લઈ સનંદો આપવામાં આવતી હતી. આ પ્રચાર સદર અદાલતના કામનો હતો. ત્યાર પછી કાળક્રમે કેળવણીનો ફેલાવો થયેજ ગયો, પાઠશાળાઓ સ્થપાઈ તથા યુનિવરસીટીમાં (વિદ્યાલયમાં) કાયદાની પરિક્ષા શરૂ થઇ. હાઇકોર્ટે પોતાની વકીલની પરિક્ષા શરૂ કરી, યુનીવરસીટીમાં પાસ થયેલી તથા વકીલાતની પારક્ષામાં પાસ થયેલાઓને સનંદો આપવા માંડી. ક્રમે ક્રમે જુદી જુદી જાતોનું લક્ષ્ય એ તરફ ખેંચાયું, ને એ ધંધામાં પ્રથમ ઉચ્ચ જ્ઞાતીઓનો નોકરીઆત વર્ગ દાખલ થયો. તેમની સારી સ્થિતિ જોઈ વ્યાપારી, ખેતી કરનારા, તથા કારીગર વર્ગના અંગ્રેજી શીખેલો યુવાન વર્ગ તે તરફ આકર્ષાયો. હાલ વસ્તુ એ થઇ છે કે, ખપ કરતાં સંખ્યા વધી જવાથી ધંધાનો મોહ જતો રહ્યો છે, ને કામ મેળવવાને અનેક યુક્તિઓ તથા સાધનો વપરાય છે, ફીનો દર ઓછો થયો છે, સરકાર તથા પ્રજામાં મોભો કમી થયો છે, કેટલાકને નોકરી શોધવાની જરૂર પડે છે, અથવા વ્યાપારી માર્ગ પકડવો પડે છે, અથવા સરકારી ન્યાય ખાતામાં મુનસફની જગ્યા માટે લાયક થવા હલકા પગારની નોકરીમાં વર્ષો લગી રહેવું પડે છે.

આ વર્ગ—વકીલના ધંધામાં હરિફાઇ વધવાથી–તેમજ લોકો કેળવાયા જતા હોવાથી

**વકીલાતનો ધંધો**

ગ્રામ્ય તથા પ્રાંત પંચાયતો થઇ હોવાથી લોકો વકીલોને કોર્ટોનાં ખીસ્સાં ભરવા કરતાં અંદર અંદર સમજુતો કરવા મથે છે, છતાં પણ કામો મળે છે. આ ધંધો નીતિથી-પ્રમાણીકપણે તથા ફક્ત કાયદાની બારીકાઓનો લાભ લઇનેજ કરવામાં આવે તો સારો ને માનનીય છે. ઘણા ખોટી રીતે ફસડાઇ જતા-ભણેલા મુસદ્દીઓના વ્યાજના અગર જુઠા બનાવટી ચોપડાથી ચંપાઇ જતા ભલા માણસોને તથા ઘણા ફાંસી જતા નીરપરાધીઓના ફાયદા માટે તેઓ ઘણું સારૂ કરી શકે. પણ થયું છે એમ કે હાલમાં તો જે વકીલો તરકટીઆતાં દસ્તાવેજો બનાવી જાણે-સાક્ષીઓને જુઠ્ઠું ભણાવી જાણે-લાગવગને મસ્કા-મીઠી જીભના ઉપયોગથી અમલદારોને સાચવી જાણે તથા ગમે તેમ કરી-પછી ન્યાયે અગર અન્યાયે-ખૂબ પૈસા કમાઇ જાણે તેજ ખરો ને સારો વકીલ એમ મનાતું લાગે છે કારણ સારા સારા કેળવાયા-ગ્રેજ્યુએટ વકીલો પણ તેજ રસ્તે જતા જણાય છે. યુનીવરસીટીમાં આવું શિક્ષણ અપાતું જણાતું નથી, તેમજ જેમ હાલમાં કોર્ટોમાં સાક્ષીઓને સાક્ષી પુરતાં પહેલાં જેમ કહેવાય છે કે "કહો કે પ્રભુને હાજરા હજુર જાણી-માથે રાખી ખરૂંજ કહીશ." એમ કોઈ વકીલને કામ ચલાવતો પહેલાં પુછાતું હોય તો વકીલો સાચુ બોલતા થાય ખરા-નહિ તો વકીલો નામ પડનાંજ જુઠ્ઠું બોલવાનું લાઇસેન્સ મળ્યું સમજાય છે ને જાહેર પ્રજા એમ વકીલોને મ્હોંડે પણ કહે છે.

**બેરીસ્ટરનો ધંધો.**

બેરીસ્ટર થવાનો લાભ સાધારણ રીતે પૈસાદાર યુવકો લઇ શકે એમ હોવાથી, ઇંગ્લેંડ જઈ આવી હાઇકોર્ટોમાં કામ કરતો નામાંકીત થયેલો પહેલી પંક્તિમાં આવેલો વર્ગ લક્ષાધિપતિ તેમજ સુખી હોય તેમાં નવાઈ નથી. સાધારણ સ્થિતિનો માણસ પોતાની મૂડી ખરચી, અથવા કરજે નાણાં કાઢી ઇંગ્લેંડ જઇ બેરીસ્ટર થઇ આવી ધંધામાં નિષ્ફળ નીવડ્યો તો તેની સ્થિતિ ખરેખર દયાજનક છે. શ્રીમંત કુટુંબના છોકરાઓને કમાઇને ગુજરાન કરવાનું નહિ હોવાથી, તે ફક્ત આબરૂ તથા નામને ખાતર બેરીસ્ટરની પદવી મેળવવી જોઇએ, એ માન્યતાથી ધંધામાં આગળ પડવાની કે ફાવવા પ્રયાસ કરવાની તેમને ગરજ હોતી નથી. એ વર્ગને ધંધામાં પૈસા મળ્યા કે નહિ તેની દરકાર નથી. મધ્યમ વર્ગનો બુદ્ધિવાળો મહેનત તથા ખંતથી આ ધંધામાં ફાવ્યા વિના રહેતો નથી, પૈસા સારા મળે છે, પ્રખ્યાતી મેળવે છે. તથા એકંદર સુખી હોય છે. પોતાની બુદ્ધિનું ગજુ નહિ હોવા છતાં ગેરખ્યાલથી આશામાં ધંધો ગ્રહણ કરનાર જ્યારે પોતાની સપાટી પહોંચી નાસીપાસ થાય છે, ત્યારે તેની સ્થિતિ ખરેખર કઢંગી માલુમ પડે છે. આવી બધી જાતના દાખલાઓ મુખ્ય શહેરોમાં જોઇ શકાય છે. આ ધંધામાં અંગ્રેજો પહેલા કરતાં ઓછી સંખ્યામાં આવવાથી દેશીઓ માટે જગ્યા થઈ છે, ને ઘણા દેશીઓ ફતેહમંદીથી આગળ નીકળવા માંડ્યા છે. દેશીઓની સંખ્યા ઘણી થવા માંડી છે ખરી, તોપણ બુદ્ધિ તથા નસીબ હોય તેને ફાવવામાં અડચણ નડતી નથી, ને બુદ્ધિ વિનાના શોભાનાં પુતળાં ઓરીસ શણગારવા ઉપરાંત મોજા બુટ તથા માસિક ખર્ચ પણ કાઢી શકતા નથી.

સોલીસીટરના ધંધાનો મોહ પહેલાં હતો તેના કરતાં ઓછો થયો છે. એક તો પરિક્ષા સખ્ત હોવાને લીધે પાસ થવાનું મુશ્કેલ થયું છે, ને પાસ થયા પછી પણ ઘણી પહેડીઓ

થવાને લીધે નવાને કામકાજ મેળવવું અઘરૂ પડે છે. આ ધંધો મુખ્ય શહેરો તથા હાઇકોર્ટ હોય ત્યાંજ ચાલી શકે છે. બહારગામમાં વકીલ એ સોલીસીટર **સોલીસીટરનો ધંધો.** તથા બેરીસ્ટર બન્નેનું કામ એકલોજ કરે છે. મુંબાઈ કલકત્તાની હાઇકોર્ટોમાં સ્થાનિક કજીઆઓમાં સોલીસીટરની કાયદા પ્રમાણે જરૂર હોવાને લીધે એ શહેરોમાં સંખ્યા ઘણી છે. હાઇકોર્ટ સ્થાપન થઇ તે વખતે અંગ્રેજ સોલીસીટરો ઇંગ્લંડથી વધારે આવતા. હવે એ સંખ્યા ઓછી થવા આવી છે, ને દેશીઓની સંખ્યા વધી છે. મુંબાઇમાં પારસી તથા ગુજરાતીની સંખ્યા પ્રધાન છે. આ ધંધામાં દ્રવ્ય પ્રાપ્તિ સારી છે. હરીફાઇને લીધે નવાને મુશ્કેલી પડે છે.

ડૉકટરના ધંધાનો વિચાર કરીએ તો એ ધંધો નવો નથી. અસલના વખતથી વૈદ્યોનો ધંધો ચાલતો આવે છે, આમાં પણ પાઠશાળાના નૂતન કેળવણી પ્રચારથી સંખ્યા બંધ જુદી જુદી જ્ઞાતીના યુવાનો સખત મહેનત તથા પૈસાનો વ્યય **ડૉકટરનો ધંધો.** કરીને દાખલ થાય છે. આ ધંધો એક રીતે ઉચ્ચ પ્રકારનો છે કારણ કે મનુષ્ય જાતિનું દુઃખ નિવારણ કરવાને અનેક પ્રસંગો આવે છે, તથા લાગણી, દયા ને અન્ય સદ્‌ગુણો વધારવાને અવકાશ મળી શકે છે. સરકારી નોકરીમાં દાખલ થાય છે તેને મોટા પગાર મળતા નથી. ખાનગી દવાખાનાંઓ કહાડી કીર્તિ તથા દ્રવ્ય પ્રાપ્ત કરેલા અનેક દાખલાઓ જોવામાં આવે છે. આ ધંધામાં શરૂઆતમાં મુશ્કેલીઓ આવે છે, પણ ધીમે ધીમે ગાડુ ચાલે છે, ને સારી સ્થિતિમાં રહી શકાય છે. પ્રારંભમાં તો બધાને થોડી ઘણી માખી મારવી પડે છે, ને દવાખાનામાં બેસી માસિકો, વર્તમાનપત્રો વાંચવામાં અથવા દોસ્તદારો કિંવા જે થોડા દર્દીઓ આવે તેમની જોડે વાત-ચીત કરવામાં વખત કાઢવો પડે છે, તથા દમામ—ટાપટીપ તથા ઢોંગ કરવો પડે છે, બન-કાબંધ રીતે ટેબલ ખુરસીઓ તથા દવાની શીશીઓનાં કબાટો રાખવાં પડે છે. કાન તપાસ વાની ભુંગળી તથા થર્મોમિટર તથા ઓજારોની પેટીઓ કંઇક કાળ સુધી કાટ ખાય છે. એમ કરતાં કરતાં ધીમે ધીમે ફાવવા માંડે છે. ભુખે મરવાનો અથવા ખરચ માથે પડવાનો વખત આવતો નથી. કારણ જમાનાના આગળ વધવા સાથે નવા નવા દરદો ને દવા ખાવાનો 'મેનીઆ' વધ્યો છે. તે ઉપરાંત ડૉકટરો દવાઓ તૈયાર પેટંટ વગેરે પણ વેચે છે. કેટલાક નવા શીખાઉ તો પોતાની બનાવેલી "તીનપાટીઆ" દવાઓ પેટંટને નામે કેટલાક દર્દી અજ્ઞાન ગ્રાહકોને ઠગે છે ને, પરમેશ્વરથી છાનાં આ કામ કરતાં અચકાતા નથી. ગમે તેમ પણ રીતભાત ચાલચલણ સારી હોય ને હુંશીયારી ને વધારે મોંની મીઠાશ તથા ખુશ કરવાની છટા, સારો સભ્ય પણ સ્વચ્છ પહેરવેશ, સારૂ જેવું મીત્રમંડળ હોય તો ફતેહમંદ દાક્તર તરીકે તે પંકાય છે, પણ ખપ કરતાં સંખ્યા એટલી બધી વધવા માંડી કે ધંધો મોહક રહ્યો નથી.

હવે આપણે ધાર્મિક 'જીવન'ની સ્થિતિ તપાસીએ. (અપૂર્ણ.)

"વસંત."

# माध्यमिक केळवणी.

( અનુસંધાન ગતાંક ૧૩૯ થી. )

( લેખક—માસ્તર ભોગીલાલ મગનલાલ શાહ. મુ. ગોધાવી. )

There is in the teacher's profession, the same difference which is observable in all other human employments between the skilled and unskilled practitioner and that this difference depends in a large measure on a knowledge of the best rules and methods which have to be used and of the principles which underlie and justify those rules. FITCH.

જેવી રીતે મનુષ્ય જાતના અન્ય સર્વે ઉદ્યોગોમાં કુશળ અને અકુશળ કારીગર વચ્ચે ભેદ હોય છે તેવી રીતે શિક્ષકના ધંધામાં પણ તેવો ભેદ દૃષ્ટિએ પડે છે, અને આ ભેદ ઘણે અંશે જે ઉત્તમ નિયમો અને પદ્ધતિનો શિક્ષણમાં ઉપયોગ કરવો પડે છે તેના અને જે તત્ત્વો ઉપર તે નિયમોનો આધાર હોય તેના જ્ઞાન ઉપર આધાર રાખે છે.

આ રીતે જોતાં શિક્ષણ કળા અને શાસ્ત્રનું જ્ઞાન શિક્ષક જે અતિ ઉપયોગી છતાં એકલું શિક્ષણનાં મૂળતત્ત્વોનું જ્ઞાન પુરતું થતું નથી. દરેક શિક્ષકને શિક્ષણનો વ્યવહાર અનુભવ હોવો જોઇએ. મહાવરા વિનાનું માત્ર નિયમો અને પદ્ધતિનું જ્ઞાન વ્યવહારૂ રીતે ઉપયોગી થઈ શકતું નથી. એવી કહેવત છે કે,–' All is but lip wisdom that wants in experience.' અનુભવ વિનાનું ચાતુર્ય એ મિથ્યા વાક્ચાતુર્ય છે. ઘણા મહાવરાથી સરળતા અને ચાલાકી પ્રાપ્ત થઈ શકે છે. મહાવરા વિના પદ્ધતિનું જ્ઞાન નિરૂપયોગી થાય છે. જ્ઞાન સાથેનો મહાવરો અનુભવ ગણાય છે અને એવા અનુભવી શિક્ષકો ઉત્તમ શિક્ષકો નિવડે છે. જેમ કોઈ મનુષ્ય ગમે તેટલો નૌકાશાસ્ત્રનો અભ્યાસ કરે પરંતુ જ્યાં સુધી તે સમુદ્ર યાન ન કરે ત્યાં સુધી તેને તે જ્ઞાન ઉપયોગી થઇ શકતું નથી. તેમ શિક્ષક પણ જ્યાંસુધી શિક્ષણનાં મૂળતત્ત્વો અને પદ્ધતિનું અધ્યયન કરી તેમને વ્યવહારમાં ન મૂકે ત્યાં સુધી શિક્ષણનાં સૂત્રો અને પદ્ધતિનું જ્ઞાન તેને વિશેષ ઉપયોગી થઈ શકે નહિ. આથી શિક્ષણના વિષયમાં–વિષય matter અને પદ્ધતિ method ના જ્ઞાન સાથે મહાવરા practice ના જ્ઞાનની સમાન અગત્ય સિદ્ધ થાય છે. બુદ્ધિપુર્વકના મહાવરાના–ઉદ્દેશથીજ શિક્ષક પદ્ધતિ અને નિયમોનું અધ્યયન કરે છે. આથી એ સ્પષ્ટ થાય છે કે શિક્ષકે સાધનથી તૃપ્ત ન થતાં તે વડે સાધ્યને સિદ્ધ કરવાનો ઉદ્દેશ રાખવો જોઇએ. શિક્ષકને વાસ્તવે વર્ગની સાથે કામ લેવાનું હોય છે. વર્ગની આગળ રજુ કરવા યોગ્ય શું છે અને શું નથી તે નક્કી કરવાને અને ત્યાં જણાતી મુસ્કેલીઓનો વ્યવહારૂ રીતે ફડચો આણવાને તેને તેના જ્ઞાનનો ઉપયોગ કરવાનો હોય છે. જડ રૂપે તે જત્થાનો સંગ્રહ કરવાને શિક્ષણના વિષય અને પદ્ધતિનું જ્ઞાન તે પ્રાપ્ત કરતો નથી. પદ્ધતિનો વ્યવહાર અનુભવ મહાવરા વડેજ થાય છે, માટે પદ્ધતિના જ્ઞાન સાથે મહાવરાની અગત્ય સિદ્ધ થાય છે, છતાં આ પરથી કેટલાક એવું અનુમાન કરે છે કે માત્ર મહાવરા વડેજ સારૂં શિક્ષણ આપી શકાય. પરંતુ તે માન્યતા ભુલ ભરેલી છે. પદ્ધતિનું જ્ઞાન માર્ગદર્શક ભોમીઆની ગરજ

સારે છે. માર્ગદર્શક ભોમીઆની સુચના વિના અજાણ્યા પંથે અથડાવું પડે છે અને પૂર્વોક્ત રીતે એક પ્રકારની કંટાળા ભરેલી ગરેડમાં શિક્ષક પડે છે. પ્રસિદ્ધ વિદ્વાન રીચ કહે છે કે–' ઉંચામાં ઉંચી અને નીચામાં નીચી બીજી બીજી દરજ્જા અને નામધારક શાળાઓ જોવાનો મારે પ્રસંગ હતો અને તે સર્વેમાં એક પ્રસંગે મને સર્વથી વિશેષ અસર કરી તે પ્રસંગ એ હતો કે અશિક્ષિત untrained શિક્ષકો કે જેઓએ તેમના ધંધાના શાસ્ત્રીય જ્ઞાન પર ખાસ લક્ષ આપ્યું ન–હોય તેમની દેખરેખ નીચેની દરેક શાળા વિસ્મયજનક રીતે એક સરખા પ્રકારની મને માલુમ પડી હતી; કારણ કે અજ્ઞાન જેવું કંટાળાભરેલું બીજું કાંઇ પણ હોતું નથી. આગળ વધતાં તે જણાવે છે કેઃ—

It is among those who have received no professional preparation that one finds the same stupid traditional methods &c. " જેઓ ધંધાની કોઇ પણ કેળવણી લીધેલી ન હોય તેવા શિક્ષકોમાં તેવીજ મૂર્ખાઈ ભરેલી રૂઢીની પદ્ધતિ નજરે પડે છે. શિષ્યને વિષયનું શિક્ષણ આપવાને બદલે અમુક પાઠ શીખી લાવવાને કહેવાની ટેવ તેમનામાં પ્રચલિત હોય એમ જણાય છે, ત્યાં શિક્ષક ઓરડાના એક છેડે ખુરસીપર અઢેળીને બેઠેલો અને એક પછી એક એકાદ બે વિદ્યાર્થીને પાઠ આપવા માટે બોલાવતો દૃષ્ટિએ પડે છે કે જ્યારે પાઠ તૈયાર કરવામાં રોકાયેલા બાકીનાઓ સ્વેચ્છાનુસારે તદબીર કર્યાં જાય છે." પ્રસ્તુત બાબતને કેટલાક અતિશયોક્તિ ભરેલી માને પરંતુ વાસ્તવે તેમાં અતિશયોક્તિ જેવું કાંઈ પણ નથી. અનુભવી શિક્ષકને આ બાબત સારી રીતે અનુભવ ગમ્ય છે. તેઓએ વર્ગમાં કામ કરતાં અશિક્ષિત શિક્ષકોને જોવાનો પ્રસંગ મળ્યો હશે. તેમને પ્રસ્તુત હકીકતનું સત્ય સ્પષ્ટ સમજાશે. ઘણા શિક્ષકો વ્યક્તિ પરત્વે લક્ષ આપવા દોરાય છે, કે જેના પરિણામે વર્ગની સમુદાય તરીકે ઉપેક્ષા થાય છે. લેન્ડન કહે છે કેઃ—

To give a backward box every encouragement consistent with the welfare of the rest is right; but to take up a large amount of time, trying again and again to make him understand something while the others remain idle, is to forget what class teaching should really be. વર્ગમાંના બાકીનાના હિતને બાધ ન આવે તેમ મંદ વિદ્યાર્થીને દરેક પ્રકારનું ઉત્તેજન આપવું એ વ્યાજબી છે; પરંતુ તેને કોઇ વિષયની સમજુતી આપવાને પુનઃ પુનઃ યત્ન કરવામાં ઘણો સમય ગાળવો અને બાકીનાઓને સુસ્ત બેસાડી રાખવા એ વાસ્તવિક રીતે વર્ગનું શિક્ષણ કેવું હોઇ શકે તે વિસ્મૃતિ કરવા બરાબર છે.' ગણિત આદિ વિષયો શીખવતાં શિક્ષકે પ્રત્યેક વિદ્યાર્થીને સુચના કરતા કોઈ કોઈ સમયે દૃષ્ટિએ પડે છે. આથી શિક્ષકનો ઘણો સમય દરેક વિદ્યાર્થી પાછળ પૃથક પૃથક લક્ષ આપવામાં ચાલ્યો જાય છે. આ દરમ્યાનમાં આખા વર્ગમાંનો દરેક તેના વારાની રાહ જોઈ સુસ્ત બેસી રહે છે, અગર ગરબડ કરી વર્ગની વ્યવસ્થાને ખલેલ પહોંચાડે છે. ભાષાના વિષયના શિક્ષણમાં વાચન આપવાને દરેક વિદ્યાર્થીને તેની યોગ્ય જગ્યાએ ઉભા રહેવા દેવા તે બદલે શિક્ષક પ્રત્યેક વિદ્યાર્થીને પોતાની પાસે બોલાવે છે. આથી શિક્ષકની દૃષ્ટિ દરેક વિદ્યાર્થી તરફ ન જતાં તે અમુક વિદ્યાર્થી પ્રતિજ આકર્ષાય છે, અને પરિણામે વર્ગનું લક્ષ પાડવામાં રોકાવાને બદલે ચંચળ રહે છે, અને વ્યવસ્થાને હાનિ પહોંચે છે. કેટલાક પ્રસંગોમાં શિક્ષક વિદ્યાર્થીના ભપકાદાર પોષાક કે તેની સ્થિતિથી આકર્ષાઈ વર્ગના ભોગે તે

વિદ્યાર્થી પર લક્ષ આપવાનો હેતુ છે એથી ઉલટું હોંશિઆર અને શિક્ષિત શિક્ષકની અસર વિદ્યાર્થીઓની ઉદ્યોગની ટેવ, ચિત્તની એકાગ્રતા અને બુદ્ધિની સૂક્ષ્મતાથી સ્પષ્ટ થાય છે. તે સહેલાઇથી વિદ્યાર્થીના મનને આકર્ષી વર્ગની વ્યવસ્થા રાખી શકે છે.

'The work of every skilled teacher bears the impression of his own individuality.' London.

મી. લેન્ડન કહે છે કે અમુક વ્યક્તિ તરીકેની લગભગ દરેક કુશળ શિક્ષકના કામની છાપ પડે છે. તેનું જ્ઞાન, માનસિક ટેવો, બુદ્ધિની વિચિત્રતા તેને અમુક ધારણે શિક્ષણ આપવાને પ્રેરે છે અને તેના કામને અન્યના કામથી જુદું પાડે છે. કેળવાએલો શિક્ષક શિક્ષણ પદ્ધતિ વિષે વિચાર કરી ઉત્તમ પદ્ધતિનો પ્રયોગ કરે છે. તેને સ્વાભાવિક રીતેજ ઉત્તમ પદ્ધતિ માટે સ્ફુરણા થાય છે. અને તેનું કાર્ય નિયમસરનું હોય છે. ડો. ફીચ કહે છે કે

"In teaching the freshest and most ingenious methods originate with those men and women who have read and thought most about the rationate of their art.' FITCH.

'શિક્ષણમાં સૌથી નવીન અને સૌથી વિશેષ ચતુરાઇ ભરેલી પદ્ધતિ જે મનુષ્યોએ તેમના ધંધાના બુદ્ધિ વિષયક વિષયનો સૌથી વિશેષ અભ્યાસ કર્યો હોય તેવા મનુષ્યો પાસેથીજ ઉદ્ભવે છે.' શિક્ષિત મનુષ્યો હમેશાં જીજ્ઞાસુ રહે છે. પ્રસ્તુત જીજ્ઞાસા તેમને તેમની ખામીઓ દુર કરવાને પ્રેરે છે. તેઓ વિષયને લગતી ઉપયોગી હકીકતનો જથ્થો મેળવી તેને યોગ્ય રૂપમાં તૈયાર કરે છે અને ઉત્તમ પદ્ધતિના અને દૃષ્ટાંતોના પ્રયોગ વડે શિક્ષણને રસિક અને સરળ કરી વર્ગનું ધ્યાન ખેંચી શકે છે. ડો૦ ફીચ કહે છે કેઃ—

The most original methods of procedure, the most fruitful new speculations come precisely from men who have best studied the philosophy of their own special subject and who know best what has been thought and done by other workers in the same field. FITCH.

મુખ્યત્વે કરીને જેઓએ તેમના ખાસ વિષયની ફીલસુફીનું અધ્યયન કર્યું હોય અને તે વિષય સંબંધે અન્ય પુરૂષોએ જે વિચાર્યું હોય અગર કર્યું હોય તેનું જેઓ ઉત્તમ જ્ઞાન ધરાવતા હોય તેવા પુરૂષોજ ઉત્તમ પદ્ધતિની યોજના કરી શકે છે અને સૌથી વિશેષ ફલ દાયક નવાં અનુમાનો બાંધી શકે છે. હોરેસમેન ટ્રેનીંગ સ્કૂલોની અગત્ય વિષે બોલતાં લખે છે કેઃ

I believe training schools to be a new instrumentality in the advancement of the race. I believe that without them free schools themselves would be shorn of their strength and their waling power, and would at length become mere charity schools and die out in fact and in form. Neither the art of printing, not the trial by jury, nor a free press, nor free suffrage can long exist to any beneficial and salutary purpose without schools for the training of teachers; for, if the character and the quali-

fications of teachers be allowed its degenerate the free schools become pauper schools and the pauper schools will produce pauper souls and the free press will become a false and licentious press and ignorant voters will become venal voters and through the mediam and gaise of republican forms an oligarchy of progate and flagitious men will govern the land &c.

'હું માનું છું કે ટ્રેઇનીંગ સ્કુલો પ્રજાવર્ગની ઉન્નતિનું એક નવું સાધન છે, અને તેમના વિના જાહેર શાળાઓનું બળ અને સુધારક (કેળવવાની) શક્તિ નાશ પામે છે. તેઓ આખરે માત્ર ધર્માદા શાળાઓ થઇ પડે છે, અને વાસ્તવે તેઓ અવનતિને પામે છે. શિક્ષકોને ટ્રેઇનીંગ–કેળવણી આપનારી શાળાઓ વિના મુદ્રણકળા કે પંચ (જ્યુરી) દ્વારા તપાસણી કે છાપખાનાની છુટ કે સ્વતંત્ર મત આપવાની સત્તા ઘણા સમય સુધી લાભપ્રદ કે આવકારદાયક સ્થિતિમાં રહી શકતાં નથી; કારણ કે જો શિક્ષકના વર્તન અને યોગ્યતાનો દરજ્જો ઘટવા દેવામાં આવે તો જાહેર શાળાઓ માત્ર ગરીબો માટેનીજ શાળાઓ થઇ પડે અને તેવી કંગાલ શાળાઓ કંગાલ પુરૂષોજ નિપજાવે અને નિરંકુશ મુદ્રણાલય અપ્રમાણિક અને ભ્રષ્ટ છાપખાનું થઇ પડે અને અજ્ઞાન મત આપનારાઓ લાંચુ મત આપનારાઓ નિવડે અને લોક નિયુક્ત સત્તાના રૂપમાં અને સાધનદ્વારા અધમ અને દુરાચારી થોડા મનુષ્યોનીજ દેશપર સત્તા ચાલે. એટલુંજ નહિ નીતિ અને ધર્મની અંતિમ ફતેહ માટે જ્યાં સુધી સારી સ્કુલોદ્વારા મનુષ્યોમાં જ્ઞાન ન પ્રસરે ત્યાં સુધી રાહ જોવી પડે.' આ પ્રમાણે જોતાં ધંધાના શિક્ષણની અગત્ય સિદ્ધ થાય છે, જ્યાં આપણી આ કલા ગુજરાતી શાળાઓ માટે તેની કાંઇ અગત્ય મનાતી હોય એમ દ્રષ્ટિગોચર થતું નથી. (અપૂર્ણ.)

# जीवन चरित्र !

## મહાન્ ક્ષમાવીર–ભાઇ મધુ.

### સોરઠા.

રોગ, રાગ, ને દ્વેષ, બધી આ જગની ચીજો;
વેર ઝેર, ને ક્લેશ, સહુ સંસાર ગણિયો.
સ્વાદ, લ્હાવ, તમામ, પ્રભુના કડવાં ફળ છે;
સ્વર્ગની દેવી, સમાન, "ક્ષમા" તો મૂલ્ય સફળ છે.
વળી ક્ષમા અમૃત વેલડી, 'ક્ષમા' સુધારસ પાન છે.
ક્ષમા દયાળુ દેવડી, ઉદાર દીલનું દાન છે.

પાદરાકર.

જગતનાં ઘણાં મનુષ્યો કહે છે કે અમે શાસ્ત્રોનો અભ્યાસ કર્યો છે. અમે ષડ્ દર્શન જોઇ નાંખ્યાં છે. ચાર વેદ, છ શાસ્ત્ર, અઢાર પુરાણ, ઉપનિષદ્ વિગેરે વાંચ્યાં છે. અમે ધર્મ કર્મ જાણીએ છીએ. અમે કામ ક્રોધાદિક ષડ્રિપુઓનું દમન કર્યું છે. દયા ધર્માદિને હૃદ-

યમાં રચાયેલા છે. અને અમે ક્ષમાની સાક્ષાત મૂર્તિ છીએ. આટલું બધું છતાં તેમાંનો કોઈક ગુણ ક્વચિત્ જોવામાં આવે છે, પણ તેવા મનુષ્યોમાં ક્ષમાનો મહાન ગુણ જોવામાં આવતો નથીજ. ઘણા મહાપુરૂષો, ઘણા સંત પુરૂષો, ઘણા શાસ્ત્રી, પુરાણીઓ, ધર્મગુરૂઓ અને વિદ્વાનો ઉપદેશનો ઢોળ બતાવવામાં પ્રખ્યાત થયા છે. પણ જીવનનું ખરૂં કર્તવ્ય કરતા ઘણાજ થોડા જણાય છે. આ ભારત વર્ષમાં એવા કેટલાક દાખલા બનતા અવલોકાય છે કે, જેમાં આચાર્યો, ધર્મગુરૂઓ અને ધર્મના ઝઘડાઓને ખાતર સામા ઘસડાયા કોર્ટમાં જાય છે. જો ધર્માચાર્યોજ માત્ર ક્ષમા ગુણ રાખે, મોટું મન રાખે, વિશાળ હૃદય રાખે ને પોતે તેવા ઉત્તમ રસ્તે ચાલે અને પોતાના શિષ્ય વર્ગને ક્ષમા ગુણ શીખવી શાંતિ–સમાધાન ને ભ્રાતૃભાવ રાખતાં શીખવે તો કેવું સારૂં ? પણ હું અને મારૂં, એ બે પ્રબળ શત્રુઓ ક્ષમાને પાસે આવવાજ દેતા નથી ત્યાં વાંક કોનો કાઢીએ ?

આજે અમે એક શીખ શ્રીમંતની "ક્ષમા" નું ઉજ્વળ દ્રષ્ટાંત વાંચકવર્ગને સાદર કરીએ છીએ, મનુષ્યો કેટલી હદ સુધી ક્ષમા રાખી શકે છે, તે તેમની નજર આગળ મુકીએ છીએ. આ દ્રષ્ટાંતથી ક્ષમા કેટલી હદ સુધી રાખવી જોઈએ તે સમજાશે, મોટા માનમાં ફસાઈ–વીનાશકારી ક્રોધને પાલવે પડી, અનેક અનર્થો કરતાં પામર મનુષ્યો–ક્ષમાના શિતળ ઝરામાંથી સ્વર્ગિય સલિલ પી સુખી થશે.

શીખ લોકો માત્ર લડાઈ કરવામાંજ વીર હતા, એમ નથી. તેઓના હૃદયમાં કોમળવૃત્તિ તેમજ ક્ષમાનો પણ અદ્ભુત ભાવ હતો. યોદ્ધાઓને લાયકની કઠોરતા સાથે આર્યોને ઉચિત એવો ધર્મ આવેશ પણ તેઓમાં ચળકી રહેલો હતો. શીખ લોકો અંતઃકરણથી ભક્ત હોય છે, તેઓની ભક્તિ અતિ પ્રબળ હોય છે. તેઓ ગુરૂને માટે વિના ક્લેશે પોતાનું જીવન સમર્પણ કરે એવા છે. આ જગત્માં તેઓના જેવા આત્મોત્સર્ગ કરે તેવા બીજા કોઈ મનુષ્યો જોવામાં આવતા નથી. ધર્મ રક્ષાને માટે તેઓ દેહ ત્યાગ કરવાનું કાર્ય પણ કરતાં પાછી પાની કરતા નહિ "જય ગુરૂજીની" કહીને તેઓ કેસરીઆં કરતા હતા. તેઓનો ઇતિહાસ ઘણો રસમય, શિક્ષામય, અને વીરરસથી ભરપુર છે.

જીંદગીમાં જે સામાન્ય ન્હાના ગુણો હોવા જોઈએ તે પણ શીખ લોકોમાં જોવામાં આવ્યા છે. તેઓની ધર્મ પ્રીયતા, અતિથિનો સત્કાર કરવાની યોગ્યતા, હદ બહાર પ્રશંસા પામી છે. આ સઘળા ગુણોથી ભરેલા જે પુરૂષો પોતાનાં ઉદાહરણો મુકી ગયા છે, તે સઘળા ઉપલબ્ધ નથી, તોપણ જે થોડાંક પુરૂષોનાં ઉદાહરણો મળી આવે છે, તે એટલાં મહત્વનાં ને ઉદ્દીપનામય છે કે જગતની સઘળી અવસ્થામાં ને સઘળા સમયમાં તે ઉદાહરણો અનુકરણ કરવા લાયકજ રહેશે.

મહારાજા હરિશ્ચંદ્રની દાક્ષિણ્યતાનાં ભારતવાસીઓથી અજાણ્યુ નથી. દાનવીર મહાવીર કરણ અને રંતિદેવની આતિથ્યતા, મહારાજ શિબિની આશ્રિત રક્ષાની વાર્તા હિંદના ખુણે ખુણે પ્રસિદ્ધ છે, તે વીસરી શકાય તેમ નથી. તેમના જેવા મહાપુરૂષો થવા માટે ભારતવાસીઓ જીવન પર્યંત તપસ્યાઓ કરે છે. અમારા દેશની આટલી બધી અધમાવસ્થા હોવા છતાં પણ અનેક હરિશ્ચંદ્ર, અનેક કરણ, ઘણા રન્તિદેવ, અને પુષ્કળ શિબિરાજા ભારતવર્ષમાં ઉત્પન્ન થયા છે, અને એવો પણ વખત આવશે જે સમયે તેઓની કીર્તિવડે, જગન્મંડળ પ્રકાશીત થઈ ઉઠશે.

મહાવીર કરણે જેમ પોતાના પુત્રનું બલિદાન આપી પોતાના અતિથી બ્રાહ્મણને તૃપ્ત

કર્યો હતો, તેજ પ્રમાણે શીખ વીર ભાઇ મધુએ પણ પોતાની પ્રીયતમા ધર્મ પત્નિનું બલિદાન આપી અતિથિની સેવા કરી હતી. તેની એ હિસાબે વાર્તા જેટલી હૃદયદ્રાવક છે તેટલીજ બોધપ્રદ અને સુમધુર છે. શીખ લોકો આજે પણ એ વાર્તા આનંદપૂર્વક યાદ કરે છે. કારણ કે જગતમાં ક્ષમાની હદ ક્યાં સુધી રાખવી તે સાધુ પુરૂષ ભાઈ મધુએ શીખવ્યું છે.

એક દિવસ સંધ્યા સમય પછી ભાઈ મધુ, દિવસના ઘણા પરિશ્રમ પછી, જીવનની એક માત્ર સંગીની સુખ–દુઃખમાં સમાન ભાગ લેનારી, પોતાના પ્રાણથી વ્હાલી, સુન્દર સ્વરૂપા પત્નિ સાથે બેઠા બેઠા પ્રણયનાં વચનો કહે છે, હાસ્યવિનોદ ચાલે છે; પતિભક્ત પત્નિ પણ થાકેલા પતિના પગ આગળ બેસીને હૃદયપૂર્ણ ભક્તિ સહિત તેની સેવા કરે છે. તેને ભોજન આદિ આપી કોમળ શય્યામાં સુવાડી, તેના શરીરને વિશ્રાંતી લેવરાવે છે. તે દિવસની રાત્રી ઘણીજ ભયંકર હતી. આકાશમાં કાળાં વાદળાં ચઢી આવ્યાં. ઠંડો પવન જોશબંધ વાવા લાગ્યો. વચમાં વચમાં પવનના સખ્ત ઝપાટા તે ન્હાના ઘરનાં બારણાં હચમચાવી મુકતા હતા. એટલામાં મુશળધાર વર્ષાદ પડ્યો. બહાર ઘોર અંધકાર હતો. તે અંધકારમાં થઇને ચાલ્યા જવું, એ કોઈ સાધારણ મનુષ્યનું કામ નહોતું. પતિ–પત્નિ સુખે વાતચીત કરી રહ્યાં હતાં. એટલામાં બહારથી બારણામાં કોઈએ ધક્કો માર્યો. તે ધક્કાની સાથેજ બ્હારથી શબ્દ સંભળાયો કે:–" રાત્રીના ઘોર અંધકારમાં કંઈ સુઝતું નથી. ભાઈ! દુખી મુસાફર બહાર ઉભો છે. હું ભુલો પડ્યો છું. રાતવાસો રહેવા ચાહુ છું. દયા કરીને આશ્રય આપો ભાઇ ? "

તે કરૂણાજનક શબ્દો કાને પડતાંજ, દયાળુ દિલના ભાઇ મધુ એકદમ દુશ્મનના બ્હારે ધાયો. સ્ત્રીની વાતો ભુલી ગયો, પથારીમાંથી છલંગ મારી બારણાં ઉઘાડી દીધાં ને તે દુઃખી મુસાફરને ઘરમાં લીધો. પતિ પત્નિએ તે મુસાફરની પ્રેમપૂર્વક સેવા કરી અને તે ભુખ્યો હોવાથી શત્રેજ રસોઇ કરી તેને પેટ ભરીને જમાડ્યો. ત્યાર પછી બાજુ ઘરમાં તેને સુવાની પથારી કરી આપી. મુસાફર આશિર્વાદ દેતો નિરાંતે–સુખમાં સુતો.

નિર્વિઘ્ને રાત્રી વીતી ને રમ્ય પ્રભાત–વ્હાણું વાયું. મુસાફર કોઇ ગૃહસ્થ ન હતો, તે તો એક લુંટારો હતો. એ વાત ભાઈ મધુ જેવો ગૃહસ્થ જાણી શક્યો નહિ. શ્રીમંતોને ભુલાવવા માટે તે લુંટારાએ ગ્રહસ્થ શીખ જેવોજ પોષાક પહેર્યો હતો. ભાઈ મધુએ તેને જોતાંજ, દુઃખી મુસાફર ગ્રહસ્થ જાણીનેજ આશ્રય આપ્યો હતો. પ્રાતઃકાળે ભાઇ મધુ શય્યામાંથી ઉઠ્યા પછી પોતાના ઘરકામમાં ગુંથાયો. પેલા મુસાફરે પણ બીછાનામાંથી ઉઠ્યા પછી મધુને દર્શન આપ્યાં. રાતના દુઃખના વખતે આશ્રય આપવાથી તે લુંટારાએ ખોટો ડોળ કરતાં ભાઇ મધુની પાસે ઉપકારના શબ્દો બોલી, જવાની રજા માગી. મધુ એક સદ્ગૃહસ્થ હતો. પોતાને ઘેર આવેલો પરોણો સહવારમાં જમ્યા વગર જાય એ તેના અતિથી પ્રીય હૃદયને ઠીક લાગ્યું નહિ. તે પોતાનો ધર્મ યથાર્થ સમજતો હતો. તેણે કહ્યું–" મહાશય ! થોડીવાર થોભો ! આહાર કરીને જ્યાં જવું હોય ત્યાં જાઓ." પરંતુ ઢોળઘાલુ મુસાફરે તે માન્યું નહિ. મધુએ ઘણો આગ્રહ કર્યો ત્યારે છેવટે મુસાફરે રહેવાનું સ્વિકાર્યું, અને બોલ્યો: " જ્યારે તમારો આટલો બધો આગ્રહ છે ત્યારે માત્ર થોડીક રોટલીઓ બનાવી આપો તે લઇને હું રસ્તે પડીશ. મારે હજી ઘણુંજ ઉતાવળનું કામ છે. મધુની ભલી અને ભોળી, પરોપકારી અને ધર્મ સમજનારી પત્નિ ઉતાવળે રોટલી કરવાના કામમાં ગુંથાઇ–મધુ બજારમાં શાક લેવા ગયો.

લૂંટારા મુસાફરે જોયું કે, ઘરમાં બીજું કોઈ નથી; માત્ર મધુની સ્ત્રી રાંધવામાં ગુંથાઇ છે. તેના શરીરપર સોનાનાં કીમતી ઘરેણાં પહેરેલાં છે. એ બધાં ઘરેણાં જોવાથી લૂંટારા મુસાફરનું પાપી મન ભ્રમીત થયું ! તેણે તે સ્ત્રી ઉપર હુમલો કર્યો. તેનું ગળુ દબાવી ગુંગળાવી મારી તેના શરીરના ટુકડે ટુકડા કર્યા. તે પાપી રાક્ષસે તે નિર્દોષ પુણ્યશાળી સ્ત્રીનો સંહાર કર્યો, ને તેના શરીરપરના સર્વે અલંકારો લઈ લીધા અને તેના શરીરના કટકા ત્યાંજ પડયા રહેવા દઇ ચાલતો થયો.

તે ઉતાવળો ચાલ્યો જતો હતો, તેવામાં સામેથીજ તેને બાઈ મધુ મળ્યો. તેની નજર ચુકાવવા લૂંટારા મુસાફરે ઘણીએ યુક્તિઓ કરી, પણ તેનું પાપ આગળ આવી ચઢ્યું. મધુએ તેને જોતાંજ સત્વર તેની પાસે જઇ, તેને પોતાને ઘેર લઈ જવાનો આગ્રહ કર્યો. લૂંટારાએ જવાને માટે ઘણાંય બહાનાં કાઢયાં, પણ મધુ તેનો હાથ ઝાલી પોતાના ઘર તરફ ખેંચી જવા લાગ્યો. તેના મનમાં વિચાર આવ્યો કે "બિચારો મુસાફર ! મારૂં સાધારણ જમવાનું મુકી ચાલ્યો જાય છે ! બિચારો ઘરમાં બેસી રહેતાં શરમાયો હશે ! પ્રભુ ! પ્રભુ " અતિથિ વત્સલ મધુએ તેને કાલાવાલા કરી ઘરમાંથી ચાલ્યા જવાનું કારણ વારંવાર પુછવા માંડયું. મુસાફરે ઘેર પાછા આવવા ઘણીજ ના કહી, પણ મધુએ પોતાની ક્ષુદ્ર સામગ્રી આરોગવાને તે મહાપુરૂષને ઘણોજ આગ્રહ કર્યો. મુસાફર કંપતો કંપતો તેને ઘેર આવ્યો.

શાક લઈ ઘરમાં પેસતાંજ બાઇ મધુએ શું જોયું ? જે શૃંગારપૂર્ણ—સુન્દર—પવિત્ર દેહલતા હમણાં તે અખંડિત મુકી ગયો હતો તેના ટુકડે ટુકડા વેરાઇ પડયા હતા. તેના ચીકણા કાળા વાળ લોહીની નદીમાં તરતા હતા. જે ચંચળ નેત્રોથી તેને સ્વર્ગિય આનંદ થતો હતો તેજ નેત્રો બીહામણાં—ભયંકર થઈ પડયાં હતાં. તે સ્મિત ભર મુખમાંની દંતપંક્તિ વક્ર થઇ ગઈ હતી. પોતાના પ્રાણથી પણ અધિક પત્નિની આ દશા જોતાંજ કયો કઠોર—પાષાણ હૃદયનો પુરૂષ સ્થિર રહી શકે ? કોણ મહાપુરૂષ પોતાના તીવ્ર ક્રોધને રોકી શકે ? કોણ પુરૂષ હૃદયની લાગણીઓ દબાવી શકે ? અરે ! કોણ પુરૂષ નેત્રમાં છલકાઈ જતાં આંસુઓને રોકી શકે ? પરંતુ તે ક્ષમાની મૂર્તિ મહાન દયાળુ—શાંત બાઇ મધુએ માત્ર "પ્રભુઇચ્છા—પ્રારબ્ધ" એટલાજ શબ્દો કહ્યા. લેશ માત્ર પણ હૃદયને ડગાવા દીધું નહિ, લેશ માત્ર પણ ચિત્તને ચંચળ થવા દીધું નહિ. જો કે તેના હૃદયમાં સખ્ત આઘાત થયો હતો. તેનું પત્નિ પ્રેમી હૃદય અંદરથી રડતું હતું, પણ તેણે ક્ષમા-ધૈર્ય—દયા ધારણ કર્યાં હતાં. કંપાયમાન થતા મુસાફરે આ હૃદય વિદારક ઘટના કબુલ કરી. પણ તેનાપર પણ તે મહાન ક્ષમાવીરે સહેજ પણ ક્રોધ કે તિરસ્કાર દર્શાવ્યો નહિ, માત્ર 'પ્રારબ્ધ' એટલુંજ બોલી તેને પાસે બેસાડી પોતે રોટલી, શાક બનાવી આપ્યાં અને તેને ભોજન કરાવ્યું. તેણે તેને એક પણ શબ્દ ઠપકાનો કે કરૂણાનો કહ્યો નહિ. ક્લેશનાં સામાન્ય ચિન્હ પણ તેના મનોહર વદન મંડળ પર જણાયાં નહિ. કહો વાંચક કેટલી ધૈર્યતા ! કેટલી ક્ષમા ! કેટલી દયાળુતા ! આટલી ઉજ્વળ—ઉત્કટ ક્ષમાનું દ્રષ્ટાંત પશ્ચિમના એક પણ સુધરેલા દેશમાંથી મળી આવશે ? તે દેશોમાં તો નાજુકડી વાંદરીઓને પણ છીંકતા છીંડુ પડી જાય છે અને જો કદાચ એક વાંદરીનેજ જરાક મારી હોય તો તેને બદલે પાંચ પચાસ માણસોના જીવ જોખમમાં આવી જાય છે. તો પછી એકાદ સ્ત્રીનું ખૂન થયું હોય તો પછી બાકીજ શું ? એકાદ કુતરીને મારવામાં આવે તો મારનારનો જીવ મુસ્કેલીમાં આવી પડે છે. અર્થાત તે દેશોમાં સ્ત્રીઓને સાતમે આસમાન ચઢાવી દેવામાં આવે છે ! દયા ને ક્ષમા

જોવામાં આવતાં હોય તો તે માત્ર તેમની કોમમાં-ઇતિહાસમાં ભાઇ મધુ જેવું જ્વલંત દ્રષ્ટાંત ભાગ્યેજ જોવામાં આવે છે.

આપણા આર્યાવર્તમાં હમણાં હમણાં સુધારાનો પવન ફેલાવા બાદ "Softersex" માટે કેળવાયલા યુવાનીઆઓ શીવલ્રસ બનતા જાય છે, ને "વીશનખી"ના સહેજ પણ અપમાનને ખાતર કે તેની સવડને ખાતર પોતાના જન્મદાતા માતાપિતાને અગર ભાઇઓને અપમાન કરતાં કે દુઃખી કરતાં પણ વિલંબ લગાડતા નથી. મોટા માણસો પણ જરાક પોતાનું અપમાન અગર જરા અણગમતું થતાંજ વકીલો ને કોર્ટોનો આશરો શોધ્યો છેજ, અને આચાર્યો પણ જરા પોતાની ઇચ્છા વિરૂદ્ધ થતાંજ, શ્રીમંત ભક્તોને ઉસ્કેરી સામાઓના બાપદાદાને સરસ્વતી પદાવી તેમને ઠેઠ પહોંચાડવા (!) કોર્ટોનો આશ્રય લીધોજ છે. ત્યાં ક્યાં આ વિદ્વાન-જ્ઞાની ને ગુરૂને આચાર્યો જેવી પદવી ધરાવનાર ઘડી ઘડીમાં મીજાજ ખોઇ નાંખનાર—હું-તું-માં મરી જતા મહાપુરૂષો (?) ને ક્યાં અદ્વિતીય ધૈર્યધારી—શાંત-ક્ષમાની સાક્ષાત્ મૂર્તિ શીખ ક્ષમા વીર-ભાઇ મધુ !

ભાઇ મધુની આટલી બધી ઉદારતા-ક્ષમાશીલતા જોવાથી પાષાણ જેવી ટેવવાળા-પાપી લુંટારાનું મન પીગળી ગયું. પોતે આવો પાપી-ઘાતક-રાક્ષસી કર્મ કરનાર હોવા છતાં પણ-પત્નિ મરેલી સામે પડેલી છતાં તેનો પ્રેમાળપતિ પોતાની પત્નિના ખુનીનેજ જાતે રોટલી ને શાક કરી આપે છે ! લાત વાગવા છતાં-પગ પંપાળે છે ! અરે ! શી ક્ષમાશીલતા ? અદ્ભુતજ ! આ અદ્ભુતતા જોઇ, પોતે જે પાપ કર્યું હતું તેને માટે પશ્ચાતાપ પામી તેનું હૃદય બળવા લાગ્યું. ને તાપથી બળતાં બળતાં તેણે, બે હાથ જોડી મધુ પાસે ક્ષમા માગી. તે તેના પગમાં પડયો ને અપરાધ ક્ષમા કરવા કરગરવા લાગ્યો અને મધુને પોતાના ગુરૂ પાસે લઇ જવા ઘણો આગ્રહ કર્યો. મધુએ તેની ઉત્કટ ઇચ્છા જોઇને, તેને ગુરૂ પાસે લઇ ગયો. ગુરૂએ આ બધી વાત સાંભળીને, લુંટારા મુસાફરના મનનું આવું પરિવર્તન જોઇને તેને ગુન્હાની ક્ષમા કરી ને તેને પવિત્ર શીખ ધર્મની દીક્ષા આપી. તે લુંટારાએ તેજ વખતે, પાપકર્મ નહિ કરવાની દ્રઢ પ્રતિજ્ઞા કરી. આ બનાવ કલ્પીત નહિ પણ ખરો બનેલો છે અને તે શીખ લોકોના છઠ્ઠા ગુરૂ હરગોવિંદના વખતમાં બન્યો હતો.

વાંચક ! પાપી મનુષ્યોનાં પાપકર્મ છોડાવવા માટે અને તેને સુધારવા માટે મહા પુરૂષોએ ઘણું સહન કરવું જોઇએ. દયા ધર્મ એ દરેક ધર્મનો સિદ્ધાંત હોવો જોઇએ. કાં જૈન હો-કાં બ્રાહ્મણ હો-કાં અન્ય હો પણ દયા-ક્ષમા એ તો સર્વના જન્મસિદ્ધ હક છે તે પાળવા દરેકે કટિબદ્ધ થવુંજ જોઇએ. જ્ઞાન અને દયા એ બેના સમાગમથી ક્ષમા જન્મે છે. ને પોતાનાં નુકસાન, માન, સુખ, ને સગવડોના ભોગે પણ ક્ષમાનું પ્રતિપાલન દરેકે અવશ્ય કરવુંજ જોઇએ.

ભાઇ મધુના ઉદાહરણથી અમારા દેશના તેમજ પશ્ચિમ તરફના દેશોના મનુષ્યો કંઇક શિખશે-ક્ષમા અલંકાર ધારણ કરશે તો દરેક જાતિની પ્રજાઓને ઘણું શીખવાનું મળશે. છેવટે એજ વિનંતિ કે—

"ભુલી જાઓ અને ક્ષમા કરો."

એ આદર્શ વાક્યને દરેકે પોતાનું જીવન સૂત્ર બનાવવું જોઇએ. અને તે પ્રમાણે વર્તવું જોઇએ તો ઉભય લોકમાં સુખ પ્રાપ્તિ સહેલાઇથી થશે.

"રસકુટિર." "રસબાલ."

# काव्यकुंज.

## " समजता ना खरूं तेओ "

કવ્વાલિ.

પરીક્ષા બુદ્ધિમાં મીડું, કરે છે હાજીમાં હાહા;
પડે છે પક્ષપાતોમાં, સમજતા ના ખરૂં તેઓ. ૧
સરિતાના પ્રવાહોમાં, તણાતાં લાકડાં જેવા;
તણાતા અન્યના જોરે, સમજતા ના ખરૂં તેઓ. ૨
મહનીયાનીજ મ્હોંકાણે, ગયો રાજા પ્રજા સઘળી;
તથા જે ચાલતા લોકો, સમજતા ના ખરૂં તેઓ. ૩
થયા જે સ્વાર્થમાં અન્ધા, થયા જે બુદ્ધિમાં હીણા;
ગયા જ્યાં ત્યાં થયા તેવા, સમજતા ના ખરૂં તેઓ. ૪
થયા જે દૃષ્ટિ રાગીયા, અહો જે કાનના કાચા;
પડ્યા પરતંત્ર બેડીમાં, સમજતા ના ખરૂં તેઓ. ૫
થયા જે ધાલ ધુંસણીયા, થયા જે પક્ષ પાડણીયા;
અનુભવ ના કરે પૂરો, સમજતા ના ખરૂં તેઓ. ૬
જતા અંજાઇ પર સોહે, દબાવે જે હૃદય માન્યું;
હૃદયને વેચનારાઓ, સમજતા ના ખરૂં તેઓ. ૭
ગમે તે થાઓ વા જાઓ, ભરાઓ ગોર તરભાણું;
ઉછિના લે વિચારો જે, સમજતા ના ખરૂં તેઓ. ૮
જુએ ના પોલ ઢોલોની, સુણે છે ઢોલના શબ્દો;
ઉતરતા ના ઘણા ઉંડા, સમજતા ના ખરૂં તેઓ. ૯
સમાતો સ્વાર્થ ત્યાં પેસે, જુએ ના સત્ય બાજુઓ;
નથી મધ્યસ્થ મનના જે, સમજતા ના ખરૂં તેઓ. ૧૦
ગ્રહ્યું તે સર્વ છે સાચું, ભલે જૂઠું કહો તો શું;
નથી જ્યાં સત્યની ઇહા, સમજતા ના ખરૂં તેઓ. ૧૧
દલીલો સત્યની લેવા, નથી પરવા જરા મનમાં;
બન્યા જે યુક્તિ શત્રુઓ, સમજતા ના ખરૂં તેઓ. ૧૨
અપેક્ષાઓ તપાસીને, નિહાળી સત્યની બાજુ;
બુદ્ધ્યબ્ધિ સત્યના રાગી, સમજનારા ખરૂં તેઓ. ૧૩

## ' म्हारु फुलडुं '

૧

મ્હેં તો સુંઘ્યું મ્હારૂં ફુલડું રે!
માંહી ગેબી હતી કો સુવાસ;
અંતરના હેતે વધાવીયું રે!
માંહી પુરી 'જીવન'ની મીઠાશ. મ્હે

૨

સંસારી નવ જાણતા મીઠડી એની સુગંધ;
આત્માને અજવાળતી વહતી ત્યાંહી અનંત;
હોંશે સુંઘું મ્હારૂં ફુલડું રે!
સ્નેહ પયથું સુન્દર એ રસાળ;
આત્માના ઓજે વધાતું રે!
નવ ચેતના ભરી ત્યાં વિશાલ. મ્હેં.

૩

બ્રહ્માંડ સારૂં પમર તું, અર્પે મહાનન્દ પૂર,
પમરાટ એ મુજ ફુલની વધાવતું સુરસુર;
એવું અમુલ્ય મ્હારૂં ફુલડું રે!
રમ્ય હેતાળ એની પરાગ;
શાંતિ અને સ્નેહ ગુંજતું રે!
હર્ષ ઝરે ભરે એ અમાપ. મ્હેં.

૪

સંસારીઓ કડવાશના કળશ ઢોળતા થાય,
મીઠી મીઠી અમિ ઝરી વાર્તા ત્યાં સોહાય;
અહા! એવું અજબ મ્હારૂં ફુલડુંરે!
એના એવા અજબ ચમકાર;
ઔદાર્ય 'જીવન' ના રેલાવતું રે!
એના એવા અજબ પમરાટ. મ્હેં.

૫

બ્રહ્માંડે પ્રભુતા વહે, 'જનહિત' મંત્ર ગવાય;
**वसुधैव कुटुम्बकम्** મંત્ર ધ્વની પમરાય.
એવું વિશાળ મ્હારૂં ફુલડું રે!
એના એવા વીશાળ ઉર ભાવ;
ભવ્યતા ને ઉંડી દિવ્યતા રે!
કહી વર્તતું મધુરાં અમાપ. મ્હેં.

---

## "खरी ए फर्ज वक्तानी."

### કવ્વાલિ.

( લેખક. જમનાદાસ વીઠલદાસ શાહ, મુ. માણસા.)

ભણી ભાષા ખાડુ ભારે, ચઢે કોઇ દેશની વારે;
ગરીબના અર્થને સારે, ખરી એ ફર્જ વક્તાની.
પડી કર્તવ્ય મેદાને, રૂડા દે બોધ વ્યાખ્યાને;
વિવેકી, નીતિને જાણે, ખરી એ ફર્જ વક્તાની.
રૂચીકર સર્વને લાગે, વધાં વાક્યો હૃદય લાગે;
અયોગ્ય પંથને ત્યાગે, ખરી એ ફર્જ વક્તાની.

ચઢીને સત્યના અંગે, કરે કાર્યો ભલા માટે;
રહે ના લક્ષ્મીની સંગે, ખરી એ ફર્જ વક્તાની.
ડગે ના કાર્યો કરવામાં, ચળે ના ધૈર્ય ધરવામાં;
ફસે ના કોઈ ફંદામાં, ખરી એ ફર્જ વક્તાની.
સ્વદેશે ને વિદેશોમાં, કરે ભાષણ ઘટે તેવાં;
શિખાવે સત્ય સિદ્ધાંતો, ખરી એ ફર્જ વક્તાની.
ધરીને સર્વમાં પ્રીતિ, પ્રસારે પ્રેમની રીતિ;
દિલો લે સર્વનાં જીતી, ખરી એ ફર્જ વક્તાની.
વૃથા વિવાદ ને તોડે, કુડા કંકાસને મોડે;
કુસંપી સંપથી જોડે, ખરી એ ફર્જ વક્તાની.
જગાડે ઉચ્ચ આશાઓ, સુધારે દેશ જીવનને;
નસાડે વ્હેમી આચારો, ખરી એ ફર્જ વક્તાની.

## विषयसुख स्वरुप.

### ગઝલ.

વિષય સુખ આભ્રની છાયા, વિષય સુખ મોહીની માયા;
વિષય સુખ ઝેરની પ્યાલી, પીવાથી જન જતા ચાલી. ૧
વિષય સુખ માટીનો ગોળો, વિષયમાં સુખ શું ખોળો;
વિષય સુખ કાચનો સીસો, વિષય સુખ કલ્પના કીસ્સો; ૨
વિષય સુખમાં મહા દુઃખ છે, વિષય સુખમાંહી ક્યાં સુખ છે?
વિષય સુખ પાણી પરપોટો, વિષય સુખ રોગ છે ખોટો. ૩
વિષય સુખ ગીલ્ટથી ભરીયું, વિષયથી કોઈ નથી તરીયું;
વિષય મૃગતૃષ્ણીકા પાણી, વિષય સુખ સાફ ધૂળધાણી. ૪
વિષય સુખ પાણીનો રેલો, વિષય સુખ પંખીનો મેળો;
વિષય સુખ વિજળી જાણો, વિષય સુખ સહુ પરમાણો. ૫
વિષય સુખ મોહ પ્રગટાવે, વિષય સુખ ભક્તિ અટકાવે;
વિષય સુખ જન્મને આપે, વિષય સુખ મૃત્યુને આપે. ૬
વિષય સુખ રોગ છે વામા, ઉપરથી ફુટડી રામા;
છૂટે નહી છોડતામાં તે, પછી અકળાય જીવ પોતે. ૭
વિષય સુખમાંહી ઝકડાયા, વિષય સુખમાંહી પકડાયા;
છૂટે નહી છૂટતાંમાં તે, પછી અકળાય જીવ પોતે. ૮
વિષય સુખ ઝેરના લાડુ, વિષય સુખ ચોરનું ગાડું;
વિષય સુખ ઘેન વિકારી, તજે તે છે અધિકારી. ૯
વિષય સુખ સ્વપ્નની સૃષ્ટિ, વિષય સુખ કષ્ટની વૃષ્ટિ;
વિષય સુખને જીતો ભ્રાતા, **અજીત** થઇ થાય સુખ સાતા. ૧૦

## "ક્ષમાપના."

### ગઝલ.

ક્ષમા યાચું જગતની હું, હૃદયના પાપ હરવાને;
દયાના ધોધમાં ન્હાવા, ક્ષમા યાચું દયા યાચું.
કર્યો ઉપકાર ના જગમાં, અરે! ઉપકાર પર અપકાર;
લીધો ના ન્યાયનો રસ્તો, ક્ષમા યાચું દયા યાચું.
નિરર્થક રોષ ને ઇર્ષા, સગાંઓ સ્નેહીની સાથે;
કટુ શબ્દો કીધા તેની, ક્ષમા યાચું દયા યાચું.
કીધી ના ધર્મ ઉન્નતિ, પ્રમાદે હું રહ્યો સુતો;
ગુરૂવય અન્યની નિંદા, ક્ષમા યાચું દયા યાચું.
જગતને ધર્મના સુત્રો, ભુલીને પાપમાં ચાલ્યો;
ગરીબોને રીબાવ્યા મ્હેં, ક્ષમા યાચું દયા યાચું.
ક્ષમા સાગર પ્રભુ મહાવીર, તણા સુત્રો ધરીને દીલ;
જગવવા આત્મની જ્યોતિ, ક્ષમા યાચું દયા યાચું.

કલ્યાણ.

## પ્રેમસ્તવન.

( લેખક—મહેતા મગનલાલ માધવજી જૈન બોર્ડીંગ,—અમદાવાદ. )

છે સકલ વસ્તુનો સાર એક આ પ્રેમમાં રે...
પ્રીતિની કેફમાં રે.—છે સકલ.

સત્ય પ્રેમમાં સ્વર્ગ વસે છે, રમ્ભા ઉર્વશી નૃત્ય કરે છે;
વખત પ્રસારે સ્નેહી આનંદ રેલમાં રે. છે સકલ.

છલબલનું જ્યાં નામ મળે નહિં, સરળતા ઝરણુંજ ઝરે તહિં;
હૃદય હૃદય આલીંગે પૂરણ પ્રેમથી રે. છે સકલ.

અપૂર્વ આનંદમાં રેલાયે, હર્ષ ઝુલણે નીત્ય ઝુલાયે;
રસ બસ થઈ રંગે નીત્યે રેલાય છે રે. છે સકલ.

પ્રેમ પવીત્ર વસ્તુજ દીસે છે, મુક્તિનું ઉત્તમ સાધન છે;
પ્રેમ વિનાનું હૃદય કઠીન પાષાણ છે રે. છે સકલ.

સ્નેહ સાંકળ પ્રભુથી જોડાવે, ઉચ્ચ વૃત્તિઓ મનમાં સ્થાપે;
અનેક દુઃખો પણ પ્રેમીને સુખ છે રે. છે સકલ.

પ્રેમ તત્વમાં જળહળી ઉઠતું, એક તત્વ આત્માનું ભાળું;
સ્વ સ્વરૂપ સમ નિત જો તું અખિલ બ્રહ્માંડને. છે સકલ.

## ' खरे ए एकली एकान्त, भले लोको हजारो त्यां. '

( લેખકઃ—મી. હરિ. રાજનગર. )

### ગઝલ કવ્વાલી.

નદિ નાળા ઝરાં વિષે, વિચારોને ખીલવવાને;
ખડકની ઉપરે હોવું, અને વન વૃક્ષની છાંયે.

જ્યહાં સત્તા નહિ ચાલે, અરે કોઈ માનવીની રે;
અને જ્યહાં માનવી વિરલ, ગયું હોશે કો દી હા ! રે.

પહાડો પર્વતોને રે—કરીની હાર ઉંચી રે;
( ત્યાં ) ચઢે કો વણુ પડ્યા માર્ગે, નહિ એકાન્ત કહેવી તે ! ! !

અરે એ રમ્ય દેખાવો, ભલી કુદ્રત માતાના,
તહીં દેખાય ભંડારો, હતા રાખેલ ઉઘાડા ?

( પણ ) મનુષ્યના જુથ માંહી રે, ભરેલાં શહેરમાં એકે;
જ્યાં સંગીત જુદાથી, સૌકો લ્હેરમાં રહે છે.

વ્યાપારી રોજગારીને, હજારો લોક જાયે છે;
બજાવી કામ પોતાના, વળે કો ગૃહ તર્ફે રે.

નહિ ત્યાં પ્રિય સ્થાનો કો, જહયાં વાતો સુખે કહેવા;
નથી વહાલું સગું કોઇ, નથી મીત્ર સંબંધી જ્યહાં.

અરે ! તે દુઃખનો માર્યો, કરે છે અશ્રુ ખાલી ત્યાં;
ખરે એ એકલી એકાન્ત, ભલે લોકો હજારો ત્યાં ! ! !

---

# अमेरिकानां विश्वविद्यालयो.

( ગતાંક પૃ. ૧૪૪ થી ચાલુ )

વિદ્યાર્થીઓના આરોગ્ય માટે જેટલી કાળજી અમેરિકાના વિશ્વવિદ્યાલય લેવામાં આવે છે તેટલી કાળજી બીજા કોઈ પણ સ્થળે લેવામાં આવતી હશે કે કેમ ? તે એક શંકાજ છે. વિદ્યાલયમાં દાખલ થતાંજ વિદ્યાર્થીની આરોગ્ય પરિક્ષા ( Medical Examination) લેવામાં આવે છે, આ વખતે તેની કૌટુમ્બીક આરોગ્ય વિષયક હકીકત (Family history) નોંધ કરવામાં આવે છે, તેમજ તેના શરીરના પ્રત્યેક અવયવ સંભાળપૂર્વક તપાસાય છે. ફેફસ, છાતી, આંખો, મગજ વિગેરે બારીકમાં બારીક અવયવો પણ યંત્ર સહાયથી તપાસી તેની નોંધ કરવામાં આવે છે, અને તેમાંના વિકૃત અવયવોની સુધારણાની માહીતી માટે

વિદ્યાર્થીને એક નાનું પુસ્તક આપવામાં આવે છે. આ પરીક્ષા પછી પ્રત્યેક વિદ્યાર્થીને આરોગ્ય સંબંધી કેટલાંક ભાષણો ( Hygienic lectures ) સાંભળવાનું ફરજીયાત ઠરેલ હોય છે. આ ભાષણો દ્વારા છોકરાઓ અને છોકરીઓને બીજી માહીતી સાથે જનનેન્દ્રિય સંબંધી ( sex education ) માહીતી આપવામાં આવે છે. હમેશાં દરેક વિદ્યાર્થીને કાંઇ ને કાંઈ વ્યાયામ (exercise) કરવાની હોય છેજ. આ ઉપરાંત અમેરિકન વિદ્યાર્થી માત્રને સૈન્ય શિક્ષણ ( Military education ) ફરજીયાત છે. ( પરદેશીય વિદ્યાર્થીઓને આ સૈન્ય શિક્ષણ ફરજીયાત નથી હોતું, ) આ શિક્ષણ સરકારી વિશ્વવિદ્યાલયમાંજ આપવામાં આવે છે વળી અમેરિકન વિશ્વવિદ્યાલયમાંની ભિન્ન ભિન્ન ( Laboratories ) લેબોરેટરીઓ (કાર્યાલયો) કેવી સાધનસંપન્ન-ને ઉત્તમ હોય છે, તેની કલ્પના વાંચક વર્ગને સ્હેજમાં અમે કરાવી શકશું નહિ પણ એટલું કહેવું બસ થશે કે-આખી દુનીઆમાં કોઇ પણ વિશ્વવિદ્યાલયમાં-કિંવા કોઇ પણ દેશમાં આટલાં બધાં ઉમદા સાહિત્યથી ઉભરાઈ જતી-સુસજ્જ લેબોરેટરી છેજ નહિ. સુપ્રસિદ્ધ કોર્નેલ યુનિવર્સીટીમાંથી રશ્મિશાસ્ત્રી ( Physics )માં Ph. D. ની પદવી સંપાદન કરી, હાલમાં યુરોપના એક ઉત્તમ વિશ્વવિદ્યાલયમાં અભ્યાસ કરનાર એક ગૃહસ્થ સાથે વાત થતાં-તેણે જણાવ્યું કે "મને પાંચ કે છ વિશ્વવિદ્યાલયોમાં થોડો કાળ વ્યતીત કર્યા બાદ અનુભવ પરથી જણાવ્યું છે કે-અમેરિકન વિશ્વવિદ્યાલયનાં જેટલા ઉપકરણોથી સજાવેલું કોઇ પણ કાર્યાલય ( laboratory ) મ્હારા જોવામાં આવ્યું નથી. માત્ર જર્મન વિશ્વવિદ્યાલયના પ્રસિદ્ધ અધ્યાપકો અગર અધિકારીઓના જોટાના અધ્યાપકો ને અધિકારીઓ અમેરિકન વિશ્વવિદ્યાલયમાં નથી. તે સત્યજ છે કે, વિશ્વમાં અતિ પ્રસિદ્ધિને પામેલા એવા અધ્યાપકો હાલમાં જર્મન વિશ્વવિદ્યાલયોમાં છે. અમેરિકાના કેટલાક અધ્યાપકો જર્મન અધ્યાપકોના જોટાના હોવા ઉપરાંત બાહોશ શોધકો છે. હું જે વિશ્વવિદ્યાલયમાં શિક્ષણ લેતો હતો, તેમાં Research assistant નું કામ કરનાર એક અધ્યાપક છે, તેણે બર્લિન, જીનીવા ( સ્વિટ્ઝર્લૅન્ડ ) અને ફ્રેન્ચ એમ ત્રણ વિશ્વવિદ્યાલયોમાં અધ્યયન કર્યું છે, તે જાતે રશીયન છે, તેનો મત પણ એવો છે કે, અમેરિકન વિશ્વવિદ્યાલયનાં કાર્યાલય, વિશ્વના કોઈ પણ કાર્યાલય કરતાં શ્રેષ્ઠતમ છે." ઉપરનાજ ગુરૂવર્યનો એવો મત છે કે-યુરોપનાં અન્ય મોટાં વિશ્વવિદ્યાલયમાંના અધ્યાપકો અને વિખ્યાત પ્રોફેસરો વિદ્યાર્થીઓની ઝાઝી કાળજી લેતા નથી, કારણ કે તેઓ પોતે પોતાની શોધખોળોમાંજ તલ્લિન હોવાથી વિદ્યાર્થીઓ તેમના સહવાસમાં વિશેષ નિકટ આવી શકતા નથી. અમેરિકન વિશ્વવિદ્યાલયની એવી સ્થિતિ નથી. ત્યાં પ્રોફેસરો પ્રથમ કાળજી વિદ્યાર્થીઓની લે છે, અને ત્યારબાદ પોતાની શોધખોળમાં ગુંથાય છે. આ ઉપરથી એટલું તો જણાઈ આવે છે કે ફક્ત જગપ્રસિદ્ધ અધ્યાપકોના શિક્ષણનીજ લાલચે યુરોપીઅન વિશ્વવિદ્યાલયો તરફ દોડી જતા વિદ્યાર્થીઓને માત્ર સુપ્રસિદ્ધ અધ્યાપકોના વિખ્યાત નામ માત્રથી વિશેષ ફાયદો થતો નથી, પણ ઉલટું ઓછા પ્રસિદ્ધ, પણ જેમના ગાઢ સંબંધમાં વિદ્યાર્થીઓ સહેલાઇથી આવી શકે છે એવા અધ્યાપકો તરફથી મળેલા ચા આપવામાં આવતા શિક્ષણથીજ વધુ ફાયદો થવા સંભવ છે. સમુદ્ર ગમે તેટલો મોટો હોય પણ પાણી રાખવાના સાધનની પૂર્ણતા-પાત્રતા-ને ધારણા શક્તિ ઉપરજ પાણીની સ્થિરતાનો આધાર છે. તેવીજ રીતે વિદ્યાર્થીઓને તેવા અધિકાર પ્રાપ્ત થયા સિવાય માત્ર મોટા મોટા નામવાળા પ્રોફેસરોની સાનિધ્યનો શો વિશેષ ઉપયોગ થાય. તેવો અધિકાર પ્રાપ્ત થવા બદલ મોટા પ્રોફેસરોના હાથ નીચેનું અધ્યયન વિશેષ ઉપયોગી થઇ પડે, તે આપણે કબુલ કરવુંજ પડશે.

અમેરિકન વિદ્યાર્થીનો એક રીવાજ છે, કે અહીં Ph. D. ની પદવી મેળવ્યા બાદ (આ પદવી શોધખોળ કર્યા સિવાય મળતી નથી) એકાદ વર્ષ, એકાદ મોટા વિખ્યાત પ્રોફેસરના સહવાસમાં ગાળવા તેઓ દુર દેશાવર જાય છે. પ્રો. થ્વિંગ અમેરિકન વિશ્વવિદ્યાસંબંધી કહે છે કે—

"No longer now students need to go to Germany, for education. Though scholasticism as great as that of Germans is not yet attained, opportunities for research and instruction are equal though not more."

પ્રોફેસર ફ્રેડરીક પોલસન પોતાના "Universities of Germany" નામના પુસ્તકમાં કહે છે કે "And yet we must not hide from ourselves the fact that things are gradually changing, and professor and student are growing further apart especially inlarge universities.

# तीर्थयात्रा.

### પ્રભાસપાટણ.

(લેખક—વકીલ નંદલાલ લલ્લુભાઈ—વડોદરા.)

જુનાગઢથી વેરાવળ સુધીની રેલવે છે, ત્યાં જવાને બે ટ્રેનો જાય છે. વેરાવળ અને પ્રભાસપાટણ બન્ને સ્થળે જુનાગઢના નવાબ સાહેબની હકુમત છે. વેરાવળનું સ્ટેશન નાનું છતાં રમણીક છે, સ્ટેશનથી શેહેર નજીક છે. અને શહેરમાં પેસતાં નજીકમાં જૈન યાત્રાળુને ઉતરવાને સારૂ ધર્મશાળાની સવડ છે. મકાન સારૂ છે. વાસણ ગોદડાંની સવડ છે. ધર્મશાળામાં કુવાની પણ સવડ છે એટલે પાણીને માટે કાંઈ હરકત પડે તેમ નથી. વેરાવળ બંદર છે. ત્યાં વાહણોની અવર જવર ઘણી છે. ડક્કો સાધારણ બાંધેલો છે. દરીયાના કીનારા ઉપર આ શહેર આવેલું છે. હવા સુંદર છે, જુની બાંધણીનું શહેર છે. રસ્તા ઘણાજ સાંકડા છે. આ ગામમાં બે દેહેરાસર છે, ઉપાશ્રય છે. વેરાવળથી પુર્વમાં પ્રભાસપાટણ છે. ઇતિહાસિક જગા હોવાથી જોવા લાયક છે. વેરાવળથી પ્રભાસ જવાને ટ્રામની સવડ છે. દરેક માણસ દીઠ અડધા આનાનો ચાર્જ છે. પ્રભાસપાટણમાં ૯ જૈન મંદિરો છે. વેરાવળથી પ્રભાસ જનાર અજાણ્યા યાત્રાળુઓને પ્રભાસના છેટાની તથા ૯ મંદિરો કેટલે કેટલે છેટે હશે તેની માહીતી ન હોવાથી ઘોડાગાડીવાળાઓ અજાણ્યા યાત્રાળુઓને છેતરવાને તે વધારે ભાડું કઢાવવામાં બાકી રાખતા નથી. પણ યાત્રાળુઓએ એ બાબત પહેલી માહીતી મેળવી હોય તો પછી તેવી અડચણ આવવાને કારણ રહેશે નહિ. વેરાવળ મુકામ રાખીને ફક્ત પ્રભાસ દર્શન કરવા જવાનીજ યાત્રાળુઓએ તજવીજ રાખવી. વેરાવળથી પ્રભાસ સુધી પાકો રોડ છે, ને તેના ઉપરજ ટ્રામ જાય છે. રસ્તો સીધો છે, એટલે ભુલા પડવાનો સંભવ નથી. જો શરીર સંપત્તિ સારી હોય તો સવારના વખતમાં દરીયાની હવા ખાતા ખાતા પગે ચાલી જવાથી આનંદ થાય છે. પ્રભાસ તરફ જતાં રસ્તામાં જુના વખતનાં

ખંડીયેરો અન્ય દર્શનીનાં મંદિરો, મસજીદો વિગેરે જોવાથી એના પ્રાચીનપણાનો ખ્યાલ આવે છે. પ્રભાસમાં ૯ જૈન મંદિરોમાં ૮ મંદિરો જોડાજોડ નજીકમાં છે ફક્ત એક વેગળું છે. મુખ્ય દેહેરાસર આઠમા તિર્થંકર ભગવંત ચંદ્રપ્રભુ મહારાજનું છે. પ્રાચીન અને ભવ્ય છે. ભગવંત ચંદ્રપ્રભુ આ તીર્થે પધારેલા હતા અને દેવતાઓએ શમોશરણની રચના કરેલી હતી. યાત્રા કરતાં આલ્હાદ થાય છે. યાત્રાળુએ દર્શન કરીને પાછા જવાનો વિચાર ન હોય અને અત્રે રહેવું હોય તો ઉતરવાના મકાનની પણ સવડ છે. એક કારખાનાની દુકાન છે, તે લોકો યાત્રાળુઓના ઉપર ઘણી પ્રીતિ રાખતા જણાય છે અને તેમને હરકત ન પડે તેને માટે પોતાથી બનતી તજવીજ કરે છે. મંદિરોમાં સ્વચ્છતા સારી રહે છે.

જૈન પ્રજામાં ઘણો ભાગ વેપારી વર્ગ છે, તેઓ પોતાના કામ ધંધામાંથી ફારક થઇને દેશાટણ જોવાને અને પ્રાચીન ઇતિહાસીક જગાઓ જોવાને ખાસ જાય એતો અસંભવિત લાગે છે, પણ યાત્રા નિમિત્તે તેઓ દેશાટણ કરી શકે છે. તે વખતે જેવી મંદિરોની યાત્રા પૂજા કરવા ઉપરાંત વિશેષ માહીતી મેળવવાને પ્રયત્ન કરનાર સંખ્યા ઘણીજ થોડી, કેમકે તેમાં એમને આનંદ લાગવા જેવું નથી. વાસ્તવીક રીતે તો જે જે સ્થળે જવામાં આવે તે તે સ્થળે આપણી જૈનોની વસ્તી કેટલી છે, પહેલાં કેટલી હતી, મુખ્યત્વે તેઓ શો વેપાર કરે છે, તેઓ સંસારિક જીંદગી કહેવી ગુજારે છે, આ વાતોનો તપાસ કરવા ઉપરાંત અન્ય દર્શનીનાં પ્રાચીન મંદીરો ક્યાં ક્યાં છે, તેની વ્યવસ્થા કેવી છે, તેનો તપાસ કરવા અને બને તો જવાની તજવીજ કરવાથી કંઈ કંઈ વિશેષ વાતો જાણવાને મળે છે.

પ્રભાસમાં જો કંઈ ખરેખર ઇતિહાસીક જગા જોવા લાયક હોય તો, સોરઠી સોમનાથ મહાદેવનું ખંડીત દેવાલય છે. આ દેવાલય દરીયા કીનારા ઉપર આવેલું છે. દેવાલયને ફરતો ચોફેર કોટ છે, દેવાલયનું ખંડીયેર જે સ્થિતિમાં છે તે સ્થિતિ કાયમ રહે એવી તજવીજ સરકાર તરફથી રહે છે. યુરોપીયન મુસાફરો અને મોટા અમલદાર ગવર્નર સુદ્ધાંત આશ્રમ જોવા માટે ખાસ આવે છે. ઇતીહાસ વાંચનારાઓના જાણવામાંજ હશે કે, મહમદ ગીજનીએ ઇ. સ. ૧૦૨૪ની સાલમાં ખાસ સ્વારી કરી એ મંદીરનો નાશ કર્યો હતો. હિંદુસ્તાનની પ્રાચીન જાહોજલાલી યાદ આવવાને આવા પ્રાચીન સ્થાનો નિમિત્ત કારણ છે, તેનીજ સાથે મુસલમાનોએ ધર્મ દ્વેષને લીધે રાજ્યસત્તાનો દુરોપયોગ કરી હિંદુઓના દેવાલયોનો નાશ કરવામાં જે પોતાની હુશીયારી વાપરી છે, એ બનાવથી ખેદ થાય છે. બ્રીટીશ શહેનશાહતે આ બાબતમાં જે નિયમ સ્થાપન કરેલો છે, તે પ્રસંશાપાત્ર છે એમ તો કહ્યા સિવાય રહેવાતું નથી. નવીન સોમનાથનું મંદીર જુના મંદીર જેવું ભવ્ય નથી પણ તેની જે રચના અને ભોંયરામાં જ્યાં મહાદેવના લીંગની સ્થાપના કરેલી છે, તે ત્યાંની રચના એવી રીતે તો કરેલી છે કે અજાણ્યો યાત્રાળુ આખો દીવસ તે દહેરામાં આંટા મારે અને ધર્મશાળામાં ફર્યા કરે તોપણ તે જગ્યા જોઇ શકે નહિ. તે મહાદેવના ખર્ચના નીભાવને સારૂ શ્રીમંત ગાયકવાડ સરકાર તરફથી નીમનોક મળે છે, અને તેનો વહીવટ કરવા સારૂ એક દક્ષણી કારભારી રહે છે, નજીકમાં મુસાફરોને ઉતરવાને ધર્મશાળા છે, ત્યાંથી અર્દ્ધ ગાઉ પર ત્રીવેણી સંગમ નામનું સ્થળ સમુદ્ર કીનારે આવેલું છે, ત્યાં એક મોચીએ બંધાવેલી ધર્મશાળા છે. એ સિવાય સૂર્યનારાયણનું મંદિર વિગેરે પ્રાચીન ઘણા દેવાલયો ખંડીયેર સ્થિતિમાં આવી ગયેલ છે.

# "मनुष्यना मननी म्होटाइ."

( શા. જમનાદાસ વીઠલદાસ-માણસા. )

He came on earth to teach man-kind;
What't is to be a man, to give, not take;
To serve, not rule, to nourish, not to devour;
T help, not crush, if needs, to die, not live.

—*Charles Kingsley.*

જે માણસ અલભ્ય લાભ મળવાથી હરખાતો નથી, તેમજ વિપત્તિના વાદળાંઓથી ભય પામી પોતાનું ધૈર્ય તજી દેતો નથી અને બન્ને બાજુએ સમતોલ રહે છે; તે માણસ દુનિયામાં પ્રશંસા લાયક ગણાય છે. રૂપાંતર-ફેરફાર થવું એ સૃષ્ટિનો અચલિત નિયમ છે. તે નિયમ સર્વેને લાગુ પડે છે. તેવીજ રીતે મનુષ્યમાં ફેરફાર થવો, એટલે કે તેની જીંદગીમાં સુખ-દુઃખ અથવા ચઢતી-પડતી થવી તેને કહે છે. જીંદગીમાં સુખ અથવા દુઃખનો સમય અને ચઢતી-પડતીનો વખત જે માણસ સહન કરી શકે છે તે તથા અલભ્ય લાભ અને વિપત્તિ જીરવી શકે છે તે માણસ જગતની અંદર સ્તુતીપાત્ર અથવા તો મોટા મનનો ગણાય છે.

કરોડો રૂપિયા એકી વખતે મળે અથવા રાજપદ પ્રાપ્ત થાય વા જાય, તેમજ અપમાન થાય એ સર્વે મોટું મન રાખી સ્વપેટમાં સમાવી દે છે, તેજ પુરૂષ આ દુનિયામાં સર્વોત્તમ ગણાયો છે. આનો એટલો દાખલો બસ થશે? મહાન્ વૈભવશાળી રાજા રામચંદ્ર, પિતાની આજ્ઞાનું ઉલંઘન નહિ કરતાં, મોટું મન રાખી, રાજ્યગાદીને પણ ઠોકર મારી હતી! આથી ઉલટું કોઇ પણ સારો લાભ પ્રાપ્ત થતાં જે માણસનું અંતઃકરણ આવેશમાં આવી જાય છે તે માણસો મોટાઇના વર્ગમાં ગણી શકાતા નથી. પણ તેવી જાતના માણસોની દુનિયામાં ન છાજતી રીતેથી નિંદા થાય છે. કારણ હર્ષનો ઉભરો બહુ ગતિવાળો હોય છે. તેનાપર કાબુ વીરલા પુરૂષોજ ધરાવે છે. તેની ગતિ એવી હોય છે કે તે શરીરના બીજા તંતુઓને જલ્દી અસર કરે છે. તે વખતે તેને હદ કરતાં વધારે ગતિ થાય છે અને તેથી કરીને તે ગતિ દહાડે દહાડે બહુ જોસ ઉપર આવે છે; અને આથી કરીને તે "**સારી અથવા નઠારી**" વલણ પકડે છે. આ બે પ્રકારની વલણમાંથી, એક જ્ઞાનેન્દ્રિયમાં પ્રવેશ કરીને માણસના મનને અને વિચારને ઉશ્કેરે છે. આથી મનની અંદર અનેક પ્રકારના જુદા જુદા તરંગો ઉઠે છે. ઘડીમાં કાંઈ વિચાર આવે ને ઘડીકમાં કંઇ. હવે જો આ તરંગો સુવિચારના થાય તો ખચીત ફાયદાકારક હોય છે. પણ જેમ લગામ વિનાનો ઘોડો હાંકનારના કાબુમાં રહી શકતો નથી તેમ માણસ જાતને પ્રાપ્ત થયેલા લાભોની ઉશ્કેરણી, કબજે કરી, તેઓને મર્યાદાની કે ગંભીરતાઇની હદમાં રાખી શકતી નથી અને તેથી કરી વિચારો હલકાઇના વર્ગમાં જઇ પરિણામે નુકશાન થાય છે. પ્રાપ્ત થયેલા લાભોનો જે ઉભરો દિલને ઉશ્કેરણી કરે છે તે ઉશ્કેરણીને સહનશીલપણાવાળા માણસો કાબુમાં રાખી શકે છે. તેને હદમાં

રાખી સારી વલણુ ચલાવે છે. આ રીતે વર્તનાર પુરૂષો, સમજુ મનના મોટા અને ક્ષમાને ધારણુ કરનાર હોય છે. વિવેક અને વિનય તેમના હૃદયમાં સજજડ રીતે રહે છે, વિનયથી આપણી અંદર પાત્રતા આવે છે. પાત્રતાથી આપણે ધન સંપાદન કરી શકીએ છીએ. ધનથી ધર્મ અને ધર્મથી સુખ મેળવીએ છીએ.

મોટા મનના પુરૂષો ઉંચે સાદે કે ઉપડતે બોલે બોલતા નથી. તેમના મ્હોં (Mouth) માંથી જે શબ્દ નીકળે તે ફરીને તેમના મ્હોંમાં પેસવા વખત આવે નહિ તેનો પૂર્ણ વિચાર કરી તેઓ બોલે છે. સમજુ માણસો, રંક સાથે પણ પ્રસંગ પડતાં સભ્યપણે રહી વિવેકની બહાર જતા નથી. પોતાની વાણીના માધુર્યથી સામાને આનંદ ઉપજાવે છે. કડવાં વચન વદી ખેદ ઉપજાવતા નથી. વળી કોઈ એક વિદ્વાને કહ્યું છે કે:—

**नमंति शालिनो वृक्षाः नमंति शालिनो जनाः ।**
**शुष्क काष्टं च मूर्खाश्च न नमंति कदाचन ॥**

" શાલિડાંગેરનું ઝાડ જાતીવાન છે. તે જેમ જેમ મોટું થતું જાય છે તેમ તેમ નમતું જાય છે. તેમજ કુલિન નર ઉન્નતિને પામે છે ત્યારે તેનામાં નમ્રપણું વધે છે. અને જેવી રીતે સુકાએલું લાકડું નમતું તેમજ વળતું નથી તેવી રીતે મૂર્ખ માણસ કોઇને પણ નમતો નથી." આથી સત્ય એટલું છે કે કુલિનમાં કાંઇ વિવેક હોય છે. તેથી કરીને કુલિન વર્ગમાં ઉછરેલો માણસ સદ્ગુણે કરી સંયુક્ત હોય તો તેને ધન્ય છે. આવા માણસો જે વંશમાં જન્મ પામ્યા હોય તે વંશ પણ ભાગ્યશાળી ગણાય છે. કુટુંબની અંદર એક પરાક્રમી નીકળે છે તો તે કુટુંબ સુખશાન્તિને પામે છે. વર્તમાન વખતમાં આવા ભાગ્યશાળી પુરૂષો સંપૂર્ણ ગુણથી યુક્ત ક્વચિતજ નિવડે છે પણ નથી એમ તો છેજ નહિ.

તાત્પર્ય એટલુંજ છે કે માણસ જાતને લક્ષ્મી, સત્તા, મોટું માન અથવા તો ન ધારેલા હરકોઇ લાભ મળે તો તેથી છલકાવું નહિ. તેવીજ રીતે સંકટ આવી પડે તો મનને ડગવા નહિ દેતાં તેને પણ સહનશીલતા રાખી સહન કરવું. પોતાના મનની મોટાઈ ત્યજી નહિ દેવી, અને તેને સારૂ ચંદનના વૃક્ષનું ઉદાહરણ સારૂં છે. " ચંદનના વૃક્ષો જ્યાં આગળ થાય છે ત્યાં તેને ત્યાંના લોકો લાકડાંને ઠેકાણે વાપરે છે; વળી સર્પ જેવા પ્રાણીઓ તેના મૂળમાં રાફડા ખોદી તેને કોતરી નાંખી તેમાં વાસો કરી રહે છે; આપણા લોકો તેના કાષ્ટને પવિત્ર કાર્યની અંદર વાપરે છે; છતાં પણ તે સર્વ ઠેકાણે પોતાના શીતળરૂપી અમૂલ્ય સુગંધી ગુણને વિસારતું નથી પણ સર્વત્ર સુવાસજ પ્રસારે છે."

સદ્ગુણી પુરૂષો જે મોટા મનના અને સુવિચારના હોય છે તે કોઇ પણ કાર્ય પ્રસંગે પોતાનું કુલિનપણું ત્યજી દેતા નથી. વળી એક વધુ દાખલો શેરડીનો છે.

" શેરડીને યંત્રમાં મુકીએ છીએ છતાં તે પોતાની મધુરતાને છોડતી નથી. તેમ કુળવાન પુરૂષો ક્ષીણતાને પામેલા હોય છે છતાં પણ તેઓ શીયળના અમૂલ્ય ગુણોનો ત્યાગ કરતા નથી. છેવટે પરમેશ્વરને પ્રાર્થના કરશું કે આપણી ભારતભૂમિનાં પણ વિનયી, વિવેકી, કુલિન અને મોટા મનના પુરૂષો નિવડે ! અસ્તુ.

આજના અંકનો વધારો.

# શેઠ કાળીદાસ ઉમાભાઇનું ખેદજનક મૃત્યુ.

અત્રેના સુપ્રસિદ્ધ પ્રતિષ્ઠિત શેઠ કાળીદાસ જે. હઠીશીંગ તથા "હીમાભાઈ મીલના એજન્ટ તા. ૨૯ મી સપ્ટેમ્બર મંગળવારના રોજ ૧ાા વર્ષની માંદગી ભોગવી લગભગ ૪૧ વર્ષની વયે પંચત્વ પામ્યા છે તે ઘણું માઠું થયું છે. મર્હુમ પોતાની પાછળ એક વિધવા અને પાંચ પુત્રો તથા બહોળું મિત્રમંડળ મુકી ગયા છે. તેઓ શાંત પ્રકૃતિ અને મિલનસાર સ્વભાવના હતા તેમજ વેપારમાં બાહોશ અને દીર્ઘદર્શી તથા સલાહકાર હતા. તેમને ધર્મ પ્રત્યે સારી શ્રદ્ધા હતી. તેમના મરણથી તેમના કુટુંબમાં ભારે દીલગીરી ફેલાઇ છે. તેમના અમર આત્માને શાંતિ મળો અને તેમના કુટુંબને દિલાસો મળો એવું પ્રભુ પ્રત્યે પ્રાર્થીએ છીએ.